
વચનામૃતમાં દાસભાવ





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
ક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે.

જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.

ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી.

સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.

સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે.

ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય, વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે.

રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.

લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.), ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા) વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.

ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ, વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતમાં દાસભાવ

લેખક
સાધુ યોગેન્દ્રદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTMA DASBHAV (Gujarati Edition)

By Sadhu Yogendradas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-927-9

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂા. ૧૫-૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઈતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઈતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઈચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી

રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે. સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક પૂજ્ય યોગેન્દ્રદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,
વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

ક્રમિકા

દાસભાવઃ એક ભૂમિકા

તા. ૨૪-૮-૨૦૧૮, શુક્રવાર, અટલાદરા

ગુરુહરિ શ્રી મહંત સ્વામી મહારાજની પ્રાતઃપૂજામાં બાળભક્તોએ સુંદર કીર્તનભક્તિ રજૂ કરી. ગુરુહરિશ્રી આજે ખૂબ પ્રસન્ન હતા. સૌ ભક્તો ઉપર કરુણાદૃષ્ટિ કરીને તેઓ પોતાના હૈયાના નવનીત સમી બ્રહ્મવાણી વહાવવા લાગ્યાઃ

"પ્રતીતિ આવે ને પછી દાસપણાની સ્થિતિ આવે. પ્રતીતિ ન આવે ત્યાં સુધી ઉપરછલ્લું દાસપણું રહે.

શ્રીહરિ કહે છે – 'બીજાનો મહિમા સમજી સેવા કરે ને પોતાનો દોષ જુએ, તે દાસ.' ખરેખરું દાસપણું આવે, તો તે એક્સપ્રેસ હાઈવે ટુ અક્ષરધામ, તેને કોઈ રોકી ના શકે. દાસપણું સેફ્ટી ઝોન, કોઈ પ્રશ્ન જ ના રહે.

આપણે સત્સંગીએ બીજા કોઈને સિદ્ધ માનવા જ નહીં. દાસ થયો તે સિદ્ધ, સિદ્ધનો સિદ્ધ.

શ્રીહરિ કહે છેઃ 'ધ્યાન, ભજન, યોગાભ્યાસ, વૈરાગ્ય, જપ, તપ વગેરે બધાંનું ફળ એટલું જ કે પોતાને ભગવાનના ભક્તનો દાસનો દાસ માને.'

દાસપણાનો અભ્યાસ રાખવો કે 'કઈ રીતે દાસ થવાય?' 'કેવી રીતે વર્તવું, બોલવું?'

દાસ થઈને સેવા કરે તેનાથી વિઘ્નો ડરીને દૂર ભાગે છે, ફફડે. દાસના દાસ થઈ ભક્તની સેવા કરે તેનાથી ભગવાન જેટલા પ્રસન્ન થાય છે, તેટલા કોઈ સાધનથી થતા નથી. આ સત્સંગમાં આપણું અસ્તિત્વ જ ઓગાળી દેવાનું."

હૃદયવીણાના તારને ઝણઝણાવી એમાંથી 'દાસભાવ'ના સૂરો વહેતા કરી દે એવો જાદુ એ વચનોમાં અનુભવાતો હતો.

જો કે ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પાસે આ ભાવના શબ્દોની ક્યારેય ખોટ આવી જ નથી! અનુભવે ખ્યાલ આવે છે કે એમણે જીવનમાં એક નહીં, અનેક પણ નહીં, પરંતુ અગણિત વાર 'દાસભાવ'ની દૃઢતા, મહિમા તથા તે સિદ્ધ કરવાના ઉપાયો ઉપર વાત કરી છે.

જાણો છો શા માટે તેઓ દાસભાવ ઉપર આટલો આગ્રહભર્યો અનુરોધ કરી રહ્યા છે?

એનું કારણ એ છે કે આવો દૃઢ આગ્રહ તો મૂળમાં આપણા ઈષ્ટદેવ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ખુદનો જ છે! પોતાના જીવનના અનેક પ્રસંગો દ્વારા તેમ જ અનેક ઉપદેશ-વાક્યો દ્વારા એમણે દાસભાવની પરિપુષ્ટિ કરી છે. એમાંય એમની દિવ્ય પરાવાણીના ગ્રંથ 'વચનામૃત'માં એમણે અતિ આગ્રહપૂર્વક તથા સ્પષ્ટ છણાવટ સાથે દાસભાવનું નિરૂપણ કર્યું છે, એના લાભ દર્શાવ્યા છે અને એ સિદ્ધ કરવાના ઉપાયો પણ બતાવ્યા છે.

આધ્યાત્મિક ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન : દાસભાવ

પરબ્રહ્મ શ્રીહરિ ભગવાન સ્વામિનારાયણ અતિ કરુણા કરીને આ પૃથ્વી ઉપર અવતર્યા. એમણે ભક્તોને અનેક પ્રકારે સુખ આપ્યું અને અવિરત કથાવાર્તાની જ્ઞાનગંગા વહાવીને બ્રહ્મવિદ્યામાં પારંગત કર્યા. એમનું જ્ઞાનામૃત વિશેષતઃ ઝિલાયું છે – 'વચનામૃત' ગ્રંથમાં.

વચનામૃત એ શ્રીજીમહારાજની પરાવાણીનો સંગ્રહ છે. તમામ ગ્રંથો સ્વાભાવિક રીતે એક ખાસ વિષયનું પ્રતિપાદન કરતા હોય છે. એ રીતે વચનામૃતનો મુખ્ય વિષય છે – અધ્યાત્મવિદ્યા. તો આ 'બ્રહ્મવિદ્યા' ઉપર લખાયેલા ગ્રંથના દરેક પ્રકરણમાં બ્રહ્મજ્ઞાનનું નિરૂપણ હોવું જોઈએ; પરંતુ તપાસ કરતાં ખ્યાલ આવે છે કે આ ગ્રંથમાં વિપુલ પ્રમાણમાં 'દાસભાવ'નું નિરૂપણ પણ થયેલું છે. વિપુલ પ્રમાણ એટલે કે ૪૪ વચનામૃતોમાં ૭૬ વખત 'દાસભાવ' ઉપર શ્રીહરિએ વાત કરી છે. અને 'દાસભાવ' શબ્દથી નહીં, પરંતુ આશ્રય, શરણાગતિ, પ્રિયતમની મરજીમાં રહેવું, સર્વસ્વ અર્પણ વગેરે શબ્દો

દ્વારા દાસભાવનું નિરૂપણ કરેલું છે. આ બધું ઉમેરીએ તો શ્રીજીમહારાજે ૬૧ વચનામૃતોમાં ૯૩ વખત દાસભાવનું પ્રતિપાદન કર્યું છે.

શું આ વિષયાંતર છે? ના. શ્રીજીમહારાજના મતે 'દાસભાવ' એ બ્રહ્મવિદ્યાનું જ એક મહત્ત્વપૂર્ણ પ્રકરણ છે. આથી જ એમણે ૨૩% વચનામૃતોમાં આ વિષયની ચર્ચા કરી છે.

આમ જુઓ તો આધ્યાત્મિક ગ્રંથોના ઈતિહાસમાં આવું પ્રથમ વાર બન્યું છે કે 'દાસભાવ'ના મુદ્દાને આટલું બધું મહત્ત્વ આપવામાં આવ્યું હોય! હા, ક્યાંક ક્યાંક એનો ઉલ્લેખ જોવા મળે છે ખરો! ઉદાહરણ રૂપે:

- શ્રીમદ્ ભાગવત: બ્રહ્માજી તથા ઉદ્ધવજીએ ગોપીઓનાં ચરણરજની સ્પૃહા રાખી છે.
- મીરાંબાઈ: *મને ચાકર રાખો રે ગિરધારી...*
- તુલસીદાસજી: *તુલસી જા કે મુખનસે, ભૂલે નીકસે રામ,*
  તાકે પગકી પહેનિયાં, મેરે તનકી ચામ.

પરંતુ સ્પષ્ટ છે કે એ પ્રાચીન કે અર્વાચીન રચનાઓમાં, 'દાસભાવ' ઉપર શ્રીહરિએ જેટલો ભાર મૂક્યો છે, એટલો ભાર મૂકવામાં આવ્યો નથી. એટલે કે આધ્યાત્મિક ગ્રંથોના ઈતિહાસમાં આ પ્રથમ વખત એવું બન્યું છે કે 'દાસભાવ'ને એક અતિ મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું હોય!

એ સ્થાન આપનાર છે – ભગવાન સ્વામિનારાયણ, અને

એ ગ્રંથ છે – વચનામૃત.

'વચનામૃત'માં દાસભાવ અંગે જે કહેવાયું છે તેનું વિશ્લેષણ કરવા માટે, આપણે એ દિવ્યવાણીનું નીચે પ્રમાણેના મુદ્દાઓમાં વિભાગીકરણ કરી એનો સાર ગ્રહણ કરવા પ્રયત્ન કરીશું:

૧. દાસભાવની વ્યાખ્યા તથા દાસનાં લક્ષણો, જેના અંતર્ગત –
   અ. ભગવાન પ્રત્યેના દાસભાવનાં લક્ષણો,
   બ. ભગવાનના ભક્તો પ્રત્યેના દાસભાવનાં લક્ષણો,
   ક. દાસભાવનાં અન્ય લક્ષણો.

૨. દાસભાવની સિદ્ધિથી થતા લાભ.

૩. દાસભાવ સિદ્ધ કરવાના ઉપાયો.

દાસભાવની વ્યાખ્યા

'દાસભાવ' એટલે શું ? શ્રીજીમહારાજ આ શબ્દ દ્વારા પોતાના ભક્તોમાં કેવી સમજણ તથા કેવું વર્તન હોય એવું ઈચ્છે છે તે આપણે જોઈશું. વચનામૃતમાં આ અંગે શ્રીજીમહારાજે જે વિચારો આપ્યા છે, તેનું પૃથક્કરણ કરતાં આપણને આ અંગે ત્રણ પ્રકારની વ્યાખ્યાઓ જોવા મળે છે :

અ. ભગવાન પ્રત્યેનો દાસભાવ,

બ. ભગવાનના ભક્તો પ્રત્યેનો દાસભાવ,

ક. દાસભાવનાં અન્ય લક્ષણો.

તો ચાલો, હવે આ ત્રણેય લક્ષણોને ક્રમશઃ જોઈએ...

અ. ભગવાન પ્રત્યેનો દાસભાવ

વચનામૃતના સિદ્ધાંતોના સંકલન રૂપ એવો એક 'સૈદ્ધાંતિક પત્ર' ગુરુહરિ શ્રી પ્રમુખસ્વામી મહારાજે ગુરુપૂર્ણિમા, તા. ૧૮-૭-૨૦૦૮ના રોજ લખ્યો છે. આ પત્રમાં તેઓ જણાવે છે કે –

"તેઓ (પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ) પોતાના દિવ્ય અક્ષરધામમાં સદા દિવ્ય દ્વિભુજ આદિ સર્વાંગ સંપૂર્ણ પુરુષાકૃતિ, અતિ પ્રકાશમાન, કિશોરમૂર્તિ થકા દિવ્ય સિંહાસનમાં વિરાજમાન છે. અને મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તથા તે અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામેલા બ્રાહ્મીતનુયુક્ત અનંતકોટિ મુક્તો દાસભાવે તેમને ભજે છે."

તો વળી 'અક્ષરપુરુષોત્તમ ઉપાસના'નું તાત્પર્ય દર્શાવતાં તેઓ લખે છે :

"અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના આ તાત્પર્યમાં જ સ્વામિનારાયણ મહામંત્રના અર્થનો સમાવેશ થઈ જાય છે. જેમ કે, સ્વામીરૂપ અર્થાત્ અક્ષરરૂપ થઈને નારાયણની અર્થાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની દાસભાવે ભક્તિ-ઉપાસના કરવી."

એટલે કે અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની દાસભાવે ભક્તિ કરવી – એ જ છે અક્ષરપુરુષોત્તમ ઉપાસના!

આ લોકમાં તો શું, અક્ષરધામમાં પણ પુરુષોત્તમ નારાયણના દાસભાવે જ રહેવાનું છે. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧માં શ્રીહરિ કહે છે:

- "અને એ અક્ષરધામને વિષે શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ તે સદા વિરાજમાન છે અને એ અક્ષરધામને વિષે અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા એવા અનંત કોટિ મુક્ત રહ્યા છે તે સર્વે પુરુષોત્તમના દાસભાવે વર્તે છે અને પુરુષોત્તમ નારાયણ તે સર્વના સ્વામી છે ને અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે."

વચનામૃત લોયા પ્રકરણ ૧૦માં શ્રીહરિ આ જ વાત જણાવતાં કહે છે:

- "હું આત્મા છું, શુદ્ધ છું, ચેતન છું, નિર્વિકાર છું, સુખરૂપ છું, અવિનાશી છું, અને સ્ત્રીઆદિક જે વિષય છે તે તો દુઃખરૂપ છે, તુચ્છ છે, જડ છે અને નાશવંત છે.' એમ વિચારીને કેવળ પોતાના આત્મસ્વરૂપને જ સુખરૂપ જાણે... અને પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ (ચિદાકાશસ્વરૂપ અક્ષરબ્રહ્મ) તેના પણ આત્મા છે અને અક્ષરના (ધામરૂપ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ) પણ આત્મા છે અને અનંત કોટિ જે મુક્ત તેના પણ આત્મા છે. એવા જે પરબ્રહ્મ પરમાત્મા નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસ છું."

આ જ વાત દોહરાવતાં શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણના ૧૮મા વચનામૃતમાં કહે છે:

- "શ્વેતદ્વીપને વિષે જે નિરન્નમુક્ત છે તે તો બ્રહ્મસ્વરૂપ છે અને કાળના પણ કાળ છે, તે પણ પરમેશ્વરનું ધ્યાન, નામરટન, કીર્તન, પૂજન, અર્ચન, વંદન તેને કરતા રહે છે અને પોતે અક્ષરસ્વરૂપ છે તો પણ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન તેના દાસ થઈને વર્તે છે."

વળી, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૭માં શ્રીહરિ કહે છે:

- "તે સારુ જે જે ભગવાનના ભક્ત બ્રહ્મસ્વરૂપ થયા છે તો પણ ભગવાનના દૃઢ દાસ થઈને ભગવાનનું ભજન કરે છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તો પણ સ્વામી-સેવકપણું રહે છે."

ખરેખર તો સાધકની અક્ષરધામ તરફ ગતિ ત્યારે જ શક્ય બને છે, જ્યારે એનામાં ભગવાન પ્રત્યેનું દાસપણું અતિ દૃઢ થાય છે. વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૭માં શ્રીહરિ કહે છે:

- "માયારૂપી અંતરાય ટાળીને જેમ જેમ ભગવાનને ઢૂંકડું થવાય છે, તેમ તેમ ભગવાનની પણ અતિ અપાર મોટ્યપ જણાતી જાય છે અને ભગવાનને વિષે દાસપણું પણ અતિ દૃઢ થતું જાય છે."

જેમ વહાણ લંગર છોડે તો જ દરિયામાં ગતિ કરી શકે. જેમ મોટરકાર બ્રેક મારેલી હોય તો ગતિ ન કરી શકે. એમ અહં-મમત્વરૂપી બંધન જેમ જેમ છૂટતું જાય, એમ એમ દાસભાવરૂપી ચાલકબળ સાધકને ભગવાનની સમીપે લઈ જવા સમર્થ થાય છે.

સાધનામાર્ગમાં અહંનો ત્યાગ અને દાસભાવની દૃઢતા અનિવાર્ય છે. આ વાતની સ્પષ્ટતા વચનામૃત અમદાવાદ પ્રકરણ ૫માં સુંદર રીતે થયેલી જોવા મળે છે. કુબેરસિંહે પ્રશ્ન પૂછ્યો છે: 'હે મહારાજ! ભગવાનને જાણવવાળા જે સત્સંગી તેને શું શું તજવું ને શું શું ગ્રહણ કરવું?' તેમના ઉત્તરમાં શ્રીહરિ જણાવે છે કે 'દેહને વિષે અહંબુદ્ધિ હોય તો તેનો ત્યાગ કરીને ભગવાનના દાસપણાની બુદ્ધિનું ગ્રહણ કરવું.'

ઈષ્ટદેવ પ્રત્યેના દાસભાવનો એક નવો જ આયામ શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણના ૬૨મા વચનામૃતમાં રજૂ કર્યો છે. આ વચનામૃતમાં એમણે આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસપણાની મૌલિક વ્યાખ્યાઓ આપી છે, જે બીજા કોઈ ધાર્મિક ગ્રંથોમાં જોવા મળતી નથી.

દાસપણાની વ્યાખ્યા આપતાં તેઓ કહે છે:

- "જેને દાસભાવે કરીને ભક્તિનું અંગ છે તેને પણ પોતાના જે ઈષ્ટદેવ છે તેનું જ દર્શન ગમે અને તેની જ વાર્તા સાંભળવી ગમે ને પોતાના ઈષ્ટદેવનો જ સ્વભાવ ગમે અને તેની જ પાસે રહેવું ગમે. એવો પ્રીતિવાન હોય તો પણ પોતાના ઈષ્ટદેવની સેવા સારુ ને

રાજીપા સારુ રાત-દિવસ એમ ઇચ્છ્યા કરે જે, 'મને મારા ઇષ્ટદેવ કાંઈક આજ્ઞા કરે તો હું અતિશય હર્ષે કરીને કરું.' પછી પોતાના ઇષ્ટદેવ છે તે આજ્ઞા કરે તો છેટે જઈને રહે તો પણ રાજી થકો રહે, પણ કોઈ રીતે અંતઃકરણમાં ખેદ પામે નહીં અને આજ્ઞાને વિષે જ પરમ આનંદ માને. એ દાસત્વભક્તિની ઉત્તમ દશા છે.''

કેટલી અદ્‌ભુત વ્યાખ્યા! દાસભાવ એટલે ઇષ્ટદેવ પ્રત્યેનાં પ્રેમ અને ભક્તિથી હૈયું સદૈવ પરિપ્લાવિત હોય, તેમ છતાં એમના રાજીપા માટે આજ્ઞાપાલન કરતાં જો એમનાથી દૂર રહેવું પડે તો પણ રાજી થકા રહેવાનું! અહીં લખ્યું છે એ પ્રમાણે, ખરેખર આ દાસત્વભક્તિની ઉત્તમ દશા એટલે કે પરાકાષ્ઠા છે.

આગળ આ વચનામૃતમાં શ્રીહરિ એટલી હદ સુધી ભાર મૂકે છે કે આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસપણું – આ ત્રણમાંથી એક અંગ દઢ ન થાય ત્યાં સુધી ધામમાં પણ ન જવું. સુવિદિત છે કે ક્યારે ધામમાં જવું એ આપણા હાથની વાત નથી, પરંતુ શ્રીહરિ એમ કહેવા માંગે છે કે આ અંગ દઢ કરવું અનિવાર્ય છે, નહીં તો ધામમાં પણ પ્રવેશ મળે એમ નથી!

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના ઐતિહાસિક પત્ર 'સુનૃત'માં એમણે પણ આ સ્થિતિ સિદ્ધ કરવા ઉપર ભાર મૂક્યો છે, જે એમને તો સહજ સિદ્ધ હતી જ! 'સુનૃત'માં એમણે કહ્યું છે: 'અતિશય મોટપ પામ્યો એટલે શું?'

'દાસનો દાસ રહે તે.'

મહંત સ્વામી મહારાજને સુરતમાં એક બાળકે પોતાનો પરિચય આપી પછી કહ્યું કે 'હું આપનો દાસ છું.' તરત સ્વામીશ્રી બોલી ઊઠ્યા: 'હું દાસનો દાસ - સાધુ કેશવજીવનદાસ.'

દાસભાવ એટલે ભગવાનના ગમતામાં રાજી રહેવું

દાસભાવની આ વ્યાખ્યા પણ શ્રીજીમહારાજનું આગવું પ્રદાન છે. ગઢડા પ્રથમ પ્રકરણના ૭૪મા વચનામૃતમાં શ્રીહરિ કહે છે: ''આપણે તો શ્રીકૃષ્ણ નારાયણના દાસ છીએ, તે શ્રીકૃષ્ણ નારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું.''

આ જ પ્રકારની વ્યાખ્યા એમણે ગઢડા અંત્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં પણ આપી છે: (જો કે ત્યાં દાસભાવ શબ્દ વાપર્યો નથી.)

■ "અને તે ભગવાન છે તે જ આ દેહના પ્રવર્તાવનારા છે. તે ગમે તો દેહને હાથીએ બેસારો ને ગમે તો બંદીખાનામાં નંખાવો અને ગમે તો આ દેહમાં કોઈક મોટો રોગ પ્રેરો, પણ કોઈ દિવસ ભગવાન આગળ એવી પ્રાર્થના કરવી નથી જે, 'હે મહારાજ! આ મારું દુઃખ છે તેને ટાળો.' શા માટે જે, આપણે પોતાના દેહને ભગવાનના ગમતામાં વર્તાવવો છે. તે જેમ એ ભગવાનનું ગમતું હોય તેમ જ આપણે ગમે છે, પણ ભગવાનના ગમતા થકી પોતાનું ગમતું લેશમાત્ર પણ નોખું રાખવું નથી. અને આપણે જ્યારે તન-મન-ધન ભગવાનને અર્પણ કર્યું ત્યારે હવે ભગવાનની ઇચ્છા તે જ આપણું પ્રારબ્ધ છે, તે વિના બીજું કોઈ પ્રારબ્ધ નથી. માટે ભગવાનની ઇચ્છાએ કરીને ગમે તેવું સુખ-દુઃખ આવે, તેમાં કોઈ રીતે અકળાઈ જવું નહીં ને જેમ ભગવાન રાજી તેમ જ આપણે રાજી રહેવું."

દાસના વિષયસુખ પણ ભગવાન સંબંધી જ હોય

જેમ કે, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૨નો સંદર્ભ જોઈએ.

■ પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યું જે, 'કલ્યાણને ઇચ્છે તેને કેમ રાજનીતિ ભણવી?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'રાજનીતિ એમ ભણવી જે, પ્રથમ તો ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે જાણવું. પછી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને મનને વશ કરવું ને ભગવાનની કથા સાંભળીને શ્રોત્રને વશ કરવા, પણ ગ્રામ્યવાર્તા હોય તે સાંભળવા દેવી નહીં. તેમ જ ત્વચા તે ભગવાન ને ભગવાનના જન તેનો જ સ્પર્શ કરે; અને નેત્ર તે પરમેશ્વર ને તેના દાસ તેનું જ દર્શન કરે; અને રસના તે અખંડ ભગવદ્-ગુણને જ ગાય ને ભગવાનનો પ્રસાદ હોય તેનો જ સ્વાદ લે; અને નાસિકા તે ભગવાનનાં પ્રસાદી જે પુષ્પાદિક તેનો જ સુગંધ લે; પણ કુમાર્ગે કોઈ ઇન્દ્રિયને ચાલવા દે નહીં. એવી રીતે જે વર્તે તેનો દેહરૂપી નગરને વિષે હુકમ કોઈ ફેરવે નહીં.'

દાસનું તો અભિમાન પણ દાસત્વપણાનું હોય

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૨માં શ્રીહરિ પોતાને મિષે આપણે કેવી રીતે વિચારવું તે જણાવે છે:

- '(અમે) અહંકારને કહ્યું જે, ભગવાનના દાસત્વપણા વિના બીજું અભિમાન ધર્યું તો તારો નાશ કરી નાંખીશ.'

દાસ સ્વામી-સેવકભાવે ઉપાસના કરે

વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૦માં શ્રીહરિ કહે છે:

- "અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે, 'તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી. અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહીં.' માટે તમો પણ સર્વે આ અમારા વચનને પરમ સિદ્ધાંત કરી માનજ્યો."

દાસભાવ એટલે સર્વસ્વ સમર્પણ

શ્રીમદ્ ભાગવતમાં અનેક ભક્તોનાં ચરિત્રો વર્ણવવામાં આવ્યાં છે. આ પૈકી સર્વસ્વ સમર્પણ કરનાર ભક્ત જોવા મળે છે – બલિરાજા. આઠમા સ્કંધમાં આવતી કથા મુજબ, એમણે વામનજીને ચરણે પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દીધું – એ મુદ્દે તો શ્રીહરિ બલિરાજા ઉપર એટલા વારી ગયા છે કે આખું ગઢડા પ્રથમ પ્રકરણનું ૬૧મું વચનામૃત 'બળિ રાજાનું' વચનામૃત તરીકે કહી દીધું છે. અહીં શ્રીજીમહારાજ જણાવે છે કે –

- "આપણે પણ બીજી સર્વ વાસના ટાળીને અને ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને ભગવાનના દાસ થઈ રહેશું, અને એમ કરતાંય ભગવાન આપણને વધુ દુઃખ દેશે તો ભગવાન પણ પોતે આપણે વશ થઈ જશે; શા માટે જે, પોતે ભક્તવત્સલ છે અને કૃપાસિંધુ છે, તે જેની પોતાને વિષે અતિ દૃઢ ભક્તિ દેખે તેને પોતે આધીન થઈ જાય છે."

દાસભાવ એ જ સંપૂર્ણ સત્સંગ

વધુ તો શું કહેવું? શ્રીજીમહારાજ તો દાસભાવ સિદ્ધ થાય એને જ સંપૂર્ણ સત્સંગ થયો એમ ગણે છે. આ અંગે એક અદ્‌ભુત વાર્તાલાપ લોયા પ્રકરણના પહેલા વચનામૃતમાં થયો છે.

- મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'સંપૂર્ણ સત્સંગ થયો તે કેને કહીએ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એક તો અતિશય દૃઢ આત્મનિષ્ઠા હોય અને તે પોતાના આત્માને દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણથી અતિશય અસંગી માને; અને એ દેહ-ઈન્દ્રિયાદિકની ક્રિયાઓ તે પોતાને વિષે ન માને તો પણ પંચ વર્તમાનના નિયમમાં લેશમાત્ર ફેર પડવા દે નહીં. અને પોતે બ્રહ્મસ્વરૂપે વર્તે તો પણ પરબ્રહ્મ જે પુરુષોત્તમ ભગવાન તેનું દાસપણું મૂકે નહીં, સ્વામી-સેવકપણે કરીને ભગવાનની દૃઢ ઉપાસના કરે.'

આ રીતે આપણે દાસભાવની પહેલી વ્યાખ્યા જોઈ કે દાસભાવ એટલે પરમેશ્વર પ્રત્યેની દાસત્વભક્તિ.

બ. ભગવાનના ભક્તો પ્રત્યેનો દાસભાવ

દાસભાવની બીજી વ્યાખ્યા શ્રીહરિએ સ્પષ્ટ કરી છે, એ છે – દાસભાવ એટલે ભગવાનના ભક્તો પ્રત્યે દાસભાવ.

અન્ય ધાર્મિક ગ્રંથોની સરખામણીમાં વચનામૃતમાં શ્રીહરિએ ભગવાનના ભક્તો પ્રત્યેના દાસભાવને એટલું બધું મહત્ત્વ આપ્યું છે કે એમ લાગે છે કે આ વ્યાખ્યા એ શ્રીહરિની discovery – નવી જ શોધ છે.

આપણા જીવન સામું જોઈએ તો આપણા માટે સાધનામાર્ગમાં સૌથી અઘરી બાબત જ આ છે. આપણો અહંભાવ આપણને કોઈની આગળ ઝૂકવાની મંજૂરી આપતો નથી. જ્યારે નમવું પણ પડકારરૂપ (ચેલેન્જિંગ) હોય, ત્યારે કોઈની સેવામાં તત્પર થવું એ તો કેટલું દુષ્કર રહેવાનું!

પરંતુ સાથે સાથે એ પણ જોવા મળે છે કે શ્રીહરિ પોતે તથા તમામ ગુણાતીત ગુરુઓ, પોતે સર્વ સામર્થ્યવાન હોવા છતાં, એકદમ સહજપણે દાસભાવે વર્ત્યા છે, અને વર્તી રહ્યા છે. આપણા માટે જે પડકારરૂપ છે, એ

એમના માટે સહજ છે. આપણા માટે જે જીવનમાં ક્વચિત્ દેખા દે છે, એ એમનું તો જીવન જ છે, એમની પ્રકૃતિ છે, એમની નાડીનો ધબકાર છે.

આપણા પરમ સૌભાગ્યની વાત એ છે કે આ બાબતના નિષ્ણાત (માસ્ટર) આપણને આ અંગેનું સુંદર માર્ગદર્શન આપી રહ્યા છે અને પોતાના જીવન દ્વારા શીખવી રહ્યા છે. આવો, આપણે એને માણીએ...

આપણે શરૂઆત ઉદ્ધવજીથી કરીશું. ઉદ્ધવજીએ પોતાના કરતાં ગોપીઓની શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યેની ભક્તિ અતિ અધિક જોઈ, તો એમણે માન મૂકીને ગોપીઓના દાસ થવાની સ્પૃહા રાખી. ઉદ્ધવજીના ભગવાનના ભક્તો પ્રત્યેના આવા દાસભાવથી જ તો ભગવાન સ્વામિનારાયણ એમના ઉપર એટલા બધા ઓવારી ગયા છે કે છ વચનામૃતોમાં તેમણે ઉદ્ધવજીની પ્રશંસા કરી છે. આમ જુઓ તો શ્રીમદ્ ભાગવતમાં પણ વ્યાસમુનિએ ઉદ્ધવજીની પ્રશંસા છ વખત કરી નથી. એ પૈકી શ્રીહરિએ ઉચ્ચારેલાં કેટલાંક અવતરણ જોઈએ :

- વચનામૃત કારિયાણી પ્રકરણ ૯ : "જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહીં અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહીં. જેમ ઉદ્ધવજી જો ભગવાનના મહિમાને સમજતા હતા તો એમ વર માગ્યો જે, 'આ ગોપીઓની ચરણરજનાં અધિકારી એવાં જે વૃંદાવનને વિષે લતા તથા તૃણ તથા ગુચ્છ તેને વિષે હું પણ કોઈક થાઉં.' અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે વૃક્ષને તથા પક્ષીને તથા મૃગલાંને બળદેવજી આગળ અતિ મોટાં ભાગ્યવાળાં કહ્યાં છે. અને બ્રહ્માએ પણ શ્રીકૃષ્ણ ભગવાન પાસે એમ વર માગ્યો છે જે, 'હે પ્રભો! આ જન્મને વિષે અથવા પશુ-પક્ષીના જન્મને વિષે હું જે તે તમારા દાસને વિષે રહીને તમારાં ચરણારવિંદને સેવું એવું મારું મોટું ભાગ્ય થાઓ.''
- વચનામૃત લોયા પ્રકરણ ૧૬ : "જુઓ ને, ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા! ને નીતિશાસ્ત્રમાં કુશળ હતા ને દેહે કરીને રાજા જેવા હતા, પણ જો ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો ગોપીઓને વિષે ભગવાનનો સ્નેહ જોઈને તેની આગળ પોતાનું માન ન રહ્યું અને

એમ બોલ્યા જે, 'એ ગોપીઓનાં ચરણની રજ જેને અડતી હોય એવાં જે વૃક્ષ, લતા, તૃણ, ગુચ્છ તે માંહેલો હું કોઈક થાઉં.' અને તુલસીદાસજીએ કહ્યું છે જે,

'તુલસી જ્યાકે મુખનસે ભૂલે નિકસે રામ।
તાકે પગકી પેહેનિયાં મેરે તનકી ચામ॥'

એમ જેને ભૂલે પણ ભગવાનનું નામ મુખથી નીસરે તેને અર્થે પોતાના શરીરના ચર્મના જોડા કરાવી આપે, તો જે ભગવાનના ભક્ત હોય ને ભગવાનનું નિરંતર નામસ્મરણ, ભજન-કીર્તન, વંદન કરતા હોય ને જો ભગવાનનું માહાત્મ્ય સમજતો હોય તો તેને આગળ શું માન રહે? ન જ રહે. માટે માહાત્મ્ય સમજે ત્યારે માન જાય છે.''

આના પછી તરત આવતા વચનામૃત લોયા પ્રકરણ ૧૭માં શ્રીહરિએ ઉદ્ધવજીની પ્રશંસા આ જ પ્રકારના શબ્દોથી કરી છે.

- ''અને એ ભગવાનને ભજતા હોય એવા જે સંત તેનું પણ એ બહુ માહાત્મ્ય સમજે જે, 'એવા મોટા જે ભગવાન તેના સાક્ષાત્ ઉપાસક એ સંત છે, માટે એ બહુ મોટા છે.' જેમ ઉદ્ધવ પોતે કેવા મોટા હતા! પણ જો આવી રીતે ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો પોતાને કાંઈ ડહાપણનું માન ન રહ્યું ને ગોપીઓનાં ચરણની રજને પામવાને ઇચ્છ્યા અને વૃક્ષ-વેલીનો અવતાર માગ્યો! કેમ જે, એવા મોટા ભગવાન જેના માર્ગને વેદની શ્રુતિ ખોળે છે, તે ભગવાનને વિષે એ ગોપીઓની પ્રીતિ અતિશય ભાળી. તેમ એવા ભગવાનના સંત હોય તેને આગળ માન કેમ રહે? અને તેને નમાય કેમ નહીં? તેને આગળ તો દાસાનુદાસ થઈને રહેવાય.''

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૮માં શ્રીહરિ ભગવાનના સંત-ભક્તની સેવામાં તત્પર રહેવાનું કહે છે:

- ''અમે પૂછીએ છીએ જે, 'દ્યુપતય એવ તે ન યયુરન્તમનન્તતયા' એવી રીતે માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય ને એવા જે ભગવાન તેના જે સંત તે સાથે માન, ઈર્ષ્યા, ક્રોધ કેમ થાય? અને જો થાય છે તો જાણ્યામાં ફેર છે. કેમ જે, ગવર્નર સાહેબને જાણ્યો

છે જે, એ સમગ્ર પૃથ્વીનો પાદશાહ છે ને બળિયો છે, ને જો તેનો એક ગરીબ સરખો હમેલિયો આવ્યો હોય તો તેનો હુકમ મોટો રાજા હોય તે પણ માને ને તે જેમ કહે તેમ દોર્યો દોરાય. શા માટે જે, તે રાજાએ એમ જાણ્યું છે જે, 'બળિયો જે ગવર્નર સાહેબ તેનો એ હમેલિયો છે.' અને જેથી જે બળિયો તેની આગળ માન રહે નહીં, તેમ જેણે ભગવાનને સમગ્ર ઐશ્વર્ય-સમૃદ્ધિના ધણી જાણ્યા હોય તો તેને સંતની આગળ માન કેમ રહે?''

આટલું કહ્યા પછી ફરી ઉદ્ધવજીની પ્રશંસા કરી છે.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૯ પ્રમાણે તો જેને બીજાને નિયમમાં વર્તાવવાની જવાબદારી સોંપાઈ છે, એણે પણ દાસભાવ રાખીને જ બીજા સાથે વર્તવાનું કહ્યું છે. જુઓ આ શબ્દો:

- ''માટે સાધુને તો મન-કર્મ-વચને કરીને કોઈનું ભૂંડું વાંચવું નહીં અને કોઈ વાતનો અહંકાર પણ રાખવો નહીં અને સર્વના દાસાનુદાસ થઈને રહેવું. અને ક્રોધે યુક્ત જે પ્રકૃતિ તે તો દુષ્ટનો ધર્મ છે અને શાંત સ્વભાવે વર્તવું તે જ સાધુનો ધર્મ છે. અને કોઈ કહેશે જે, 'હજારો માણસને નિયમમાં વર્તાવવાં હોય તેને કેમ સાધુતા ગ્રહણ કર્યે ચાલે?' તો એનો ઉત્તર એ છે જે, રાજા યુધિષ્ઠિરનું હજારો ગાઉમાં રાજ્ય હતું તોય પણ સાધુતા રાખી હતી. અને ડારા દેનારા તો ભીમસેન જેવા હજારો હોય, તે વારીએ તોય પણ તે કર્યા વિનાનું રહેવાય નહીં. માટે તીખા સ્વભાવવાળાની તો કાંઈ ખોટ નથી, એવા તો ઘણાય હોય પણ સાધુ થવું એ ઘણું દુર્લભ છે.''

અહીં દાસપણાને શ્રીહરિ શાંત સ્વભાવ, સાધુતા અને અંહશૂન્યતાથી શણગારે છે. જે ખરા અર્થમાં દાસ થયો તેને આ ત્રણે ગુણો વરે છે.

જો કે દાસભાવ અને નિર્માનીપણું તો દરેકે રાખવાનું જ છે. ગઢડા અંત્ય પ્રકરણના ૧૨મા વચનામૃતમાં શ્રીહરિ કહે છે:

- ''જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહીં જે, 'હું ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છું કે હું ધનાઢ્ય છું કે હું રૂપવાન છું કે હું પંડિત છું.' એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહીં અને

ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈ રહેવું... અને ભગવાન તથા ભગવાનના ભક્ત તેનો જેને અવગુણ આવ્યો હોય ને તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો.''

- વચનામૃત પંચાળા પ્રકરણ ૫: ''ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેની આગળ તો માનને મૂકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે.''

આ બાબત ઉપર વિશેષ ભાર મૂકતાં શ્રીહરિ કહે છે કે હું પોતે જ ભક્તોના દાસભાવે વર્તુ છું.

- વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮: ''મારે તો એ જ અંગ છે જે, જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું.''

દાસભાવને એક સર્વોત્તમ આધ્યાત્મિક સાધના ગણાવતાં શ્રીહરિ તો ત્યાં સુધી કહે છે કે જન્મોજન્મથી જીવને વળગેલા અંતરના સર્વે વિકારો અને દોષોનો નાશ કરવાનો તેમજ કલ્યાણકારી શુભ ગુણની વૃદ્ધિ કરવાનો આ જ ઈલાજ છે.

- વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૮: ''એવો પાકો હરિભક્ત થયાનો તો એ જ ઉપાય છે જે, પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે અને એમ જાણે જે, 'એ સર્વ ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું,' એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે. અને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે અને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે.''

આમ, ભગવાનના ભક્તોનો અપરંપાર મહિમા સમજવો તથા એમનો અવગુણ ન લેવો, દ્રોહ ન કરવો.

વચનામૃત કારિયાણી પ્રકરણ ૯માં તો શ્રીહરિ દાસભાવ માટે ઉદ્ધવજી અને બ્રહ્માનાં ઉદાહરણો આપીને ત્યાં સુધી કહે છે કે ભગવાનના ભક્તનો એવો મહિમા જેને સમજાયો નથી તે સત્સંગી હોય તોય અર્ધો વિમુખ છે. જુઓ શ્રીહરિનાં વચનો –

- ''માટે એવો જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને

ભગવાનના ભક્ત ઉપર કોઈ દિવસ અવગુણની ગાંઠ ન બંધાય અને પોતાના ઈષ્ટ જે પ્રત્યક્ષ ભગવાન તેનો જે ભક્ત તેને વિષે જે કોઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહીં. અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યાં એવાં જે પશુ, પક્ષી તથા વૃક્ષ-વેલી આદિક તેને પણ દેવ તુલ્ય જાણે, તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામસ્મરણ કરતા હોય ને તેને દેવ તુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું? માટે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્ત સંગાથે વૈર ન બંધાય અને જે માહાત્મ્ય ન સમજે તેને તો ભગવાનના ભક્ત સંગાથે વૈર બંધાય ખરું. માટે જે ભગવાનનું તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણતો હોય ને તે સત્સંગી છે તો પણ તેને અર્ધો વિમુખ જાણવો અને ભગવાનનો ને ભગવાનના ભક્તનો જે મહિમા સમજે તેને જ પૂરો સત્સંગી જાણવો.''

ભક્તો પ્રત્યેના દાસભાવમાં સહેજ પણ ચૂક આવે એ શ્રીહરિ ચલાવી લેનાર નથી. દાસભાવમાં ચૂક એટલે કે ભક્તનો અપરાધ કે દ્રોહ થઈ જાય તો? શ્રીહરિ કહે છે કે એ ભૂલ સુધારવી જ પડશે. જુઓ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૨માં શ્રીહરિનાં આ વચનો:

- ''અને સર્વે પાપમાંથી મોટું પાપ એ છે જે, ભગવાન ને ભગવાનના ભક્તને વિષે દોષબુદ્ધિ થાય ને તે દોષબુદ્ધિએ કરીને ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે વૈર બંધાઈ જાય. અને દ્રોહ કર્યાની સાધનદશામાં હોય ને એમ જાણે જે, 'ભગવાન ને ભગવાનના ભક્તનો મેં દ્રોહ કર્યો એ મોટું પાપ કર્યું, માટે હું તો અતિશય નીચ છું અને ભગવાન ને ભગવાનના ભક્ત તે તો બહુ મોટા છે.' એવી રીતે જે ભગવાનનો ને ભગવાનના ભક્તનો ગુણ લે અને પોતાને વિષે દોષ જુએ, તો ગમે તેવાં મોટાં પાપ કર્યાં હોય તો પણ તે નાશ પામે છે. અને ભગવાન પોતાના ભક્તના દ્રોહના કરનારા ઉપર જેવા કુરાજી થાય છે ને દુખાય છે, તેવા કોઈ પાપે કરીને દુખાતા નથી. માટે જેને પોતાનું રૂડું ઇચ્છવું તેણે ભગવાનના ભક્તનો દ્રોહ

કરવો નહીં ને જો જાણે-અજાણે કાંઈક દ્રોહ થઈ ગયો હોય તો પગે લાગી સ્તુતિ કરીને જેમ તે રાજી થાય તેમ કરવું.''

લોયા પ્રકરણના પહેલા વચનામૃતમાં પણ શ્રીહરિએ એવી જ વાત કરી છે. જુઓ વચનામૃતના શબ્દો :

- પછી ભગવદાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હરિજનનો અવગુણ આવ્યો હોય તેને ટાળ્યાનો કોઈ ઉપાય છે કે નથી?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ઉપાય તો છે પણ અતિ કઠણ છે, તે અતિશય શ્રદ્ધાવાળો હોય તેથી થાય છે. જ્યારે કોઈ સંતનો અવગુણ આવે ત્યારે એમ વિચાર કરે જે, 'મેં અતિ મોટું પાપ કર્યું, જે માટે બ્રહ્મસ્વરૂપ એવા જે ભગવાનના ભક્ત તેનો અવગુણ લીધો.' એવા વિચારમાંથી અતિશય દાઝ હૈયામાં થાય, તે દાઝને મારે અન્ન જમે તો તેના સ્વાદુ-કુસ્વાદુપણાની ખબર પડે નહીં તથા રાત્રિને વિષે નિદ્રા પણ આવે નહીં. અને જ્યાં સુધી સંતનો અવગુણ હૈયામાંથી ટળે નહીં ત્યાં સુધી જેમ જળ વિનાનું માછલું તરફડે તેમ અતિ વ્યાકુળ થાય. અને જ્યારે એ સંતનો હૈયામાં અતિશય ગુણ આવે ને તે સંત કોઈ વાતે દુખાણા હોય તો તેને અતિ દીન થઈને પ્રસન્ન કરે. એવી જાતનો જેના હૃદયમાં વિચાર રહેતો હોય તો તેને સંતનો અવગુણ આવ્યો હોય તે પણ ટળી જાય ને સત્સંગમાંથી પણ વિમુખ ન થાય; પણ એ વિના બીજો કોઈ એનો ઉપાય નથી કહ્યો, એ જ એક ઉપાય છે.''

ક. દાસભાવનાં અન્ય લક્ષણો

દાસભાવની ઊડીને આંખે વળગે એવી ઉપરોક્ત બે વ્યાખ્યાઓ – ભગવાન પ્રત્યેનો દાસભાવ અને ભક્તો પ્રત્યેનો દાસભાવ – ઉપર શ્રીહરિનો મત આપણે જોયો. પરંતુ શ્રીજીમહારાજે તો દાસભાવને ઉજાગર કરતાં બીજાં પણ ઘણાં લક્ષણો વર્ણવ્યાં છે. ચાલો, એને પણ સમજીએ...

દાસભાવે યુક્ત વર્તન

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪માં શ્રીહરિ કહે છે :

■ "ભગવાનનું દાસપણું આવવું તે ઘણું કઠણ છે. કેમ જે, ભગવાનના દાસ હોય તેનાં તો એ લક્ષણ છે જે, દેહને મિથ્યા જાણે અને પોતાના આત્માને સત્ય જાણે, અને પોતાના જે સ્વામી તેને ભોગવ્યાનાં જે પદાર્થ તેને પોતે ભોગવવાને અર્થે ઇચ્છે જ નહીં, અને પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહીં; એવો હોય તે હરિનો દાસ કહેવાય."

નવધા ભક્તિ પૈકી દાસભાવે ભક્તિ કરવી

પછી વળી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! ભક્તિમાં ને ઉપાસનામાં તે શો ભેદ છે?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે,

'શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનમ્ ।
અર્ચનં વન્દનં દાસ્યં સખ્યમાત્મનિવેદનમ્ ॥

એવી રીતે નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ.'

(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૦)

દાસત્વ એટલે શરણાગતિ અથવા આશરો

મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન અનંત પ્રકારનાં શાસ્ત્રમાં કહ્યાં છે, પણ તે મધ્યે એવું એક સાધન કયું બળવાન છે જે સમગ્ર સાધન કર્યે જેવા ભગવાન પ્રસન્ન થાય તેવા એક સાધને કરીને ભગવાન રાજી થાય? તે એવો એક ઉપાય કહો.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'એક જ સાધને કરીને ભગવાન રાજી થાય તે કહીએ તે સાંભળો જે, ભગવાનનો જે દૃઢ આશરો એ જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે, તેણે કરીને ભગવાન રાજી થાય છે. અને તે આશરો અતિ દૃઢ જોઈએ, જેને વિષે કાંઈ પોલ રહે નહીં.' (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩)

દાસભાવ એટલે ભગવાનની મરજી લોપવી નહીં

(૧) ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૯માં આ વાતની પુષ્ટિ કરી છે:

■ "...ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર ગુણે કરીને સંપન્ન એવા

જે મોટા સાધુ તેની સાથે એને અતિશય હેત થાય, જેમ ભગવાન સાથે હેત થાય છે, ત્યારે તો તે જુએ, સાંભળે, બોલે ઇત્યાદિક જે જે ક્રિયાને કરે તે પોતાને જે મોટા સંત સાથે હેત છે તેની મરજી પ્રમાણે જ કરે પણ મરજી ન હોય તેવી કોઈ ક્રિયા કરે નહીં. અને તે સંતની મરજીથી બાહેર વર્ત્યામાં તેના મનને વિષે નિરંતર ભય વર્તે જે, 'જો હું એમની મરજી પ્રમાણે નહીં વર્તું તો એ મારી સાથે હેત નહીં રાખે;' તે સારુ નિરંતર તેની મરજી પ્રમાણે વર્તે.''

(૨) ભગવાન સ્વામિનારાયણે કારિયાણી પ્રકરણના ૧૧મા વચનામૃતમાં ગોપીઓની આવી ભાવનાને બિરદાવી છે. જ્યારે શ્રીકૃષ્ણ અક્રૂર સાથે મથુરા જવા તૈયાર થયા ત્યારે સર્વે ગોપીઓએ એવો નિશ્ચય કર્યો હતો કે 'આપણે કુટુંબ તથા લોકલાજનો ત્યાગ કરીને ભગવાનને જોરાઈએ રાખીશું.' શ્રીકૃષ્ણને ગોકુળમાં રોકવા તેમના માર્ગમાં અનેકવિધ અવરોધ ઊભા કરી પોતાનો હેતુ સિદ્ધ કરવા ગોપીઓ સજ્જ હતી. પરંતુ મથુરા પ્રતિ પ્રસ્થાન સમયે ભગવાનની મુખાકૃતિ પરથી ગોપીઓએ પરખી લીધું કે 'ભગવાનની ગોકુળ રહેવાની ઇચ્છા નથી.' ભગવાનને પોતાનું વર્તન પ્રતિકૂળ છે એમ સમજી ગોપીવૃંદે બધાં વિચાર પડતાં મૂકી અશ્રુભીની આંખોથી ભગવાનને વિદાય આપી. 'ભગવાનનો કુરાજીપો થઈ જશે' એવા ડરથી, ફક્ત ત્રણ ગાઉ દૂર શ્રીકૃષ્ણ હતા તો પણ ભગવાનની અનુવૃત્તિ સમજી દર્શન કરવા ન ગઈ!

ભગવાનની મરજી પ્રમાણે જે શરણાગતનું જીવન હોય તેને અનન્ય દાસભક્ત કહ્યો છે.

દાસભાવ એટલે ભગવાનને જ કષ્ટ-નિવારક માનવા

(૧) વચનામૃત વરતાલ પ્રકરણ ૫માં શ્રીહરિ કહે છે:

- ''...ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય, તેને મહાપ્રલય જેવું દુ:ખ આવી પડે તો પણ તે દુ:ખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઇચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે...''

(૨) વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૮માં શ્રીહરિ કહે છે :

- 'ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ કર્મયોગે કરીને શૂળીએ ચઢાવ્યો ને તે સમયમાં અમે પણ તેની પાસે ઊભા હોઈએ, પણ તે ભક્તના હૃદયમાં એમ ઘાટ ન થાય જે, 'આ ભગવાન મને શૂળીના કષ્ટ થકી મુકાવે તો ઠીક.' એવી રીતે પોતાના દેહના સુખનો સંકલ્પ ન થાય ને જે કષ્ટ પડે તેને ભોગવી લે.'

ખરેખરા દાસથી શું ન થાય ?

વચનામૃત લોયા પ્રકરણ ૩માં શ્રીહરિ કહે છે :

- "જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે."

દાસભાવ એટલે દીન-આધીનપણું

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૫માં શ્રીહરિ કહે છે :

- "જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય ને ત્યારે જેવી સંતની ઉપર પ્રીતિ હોય ને જેવું દીનપણું હોય, અને પછી તેને એક ગામનું રાજ્ય આવે અથવા પાંચ ગામનું રાજ્ય આવે અથવા પચાસ ગામનું રાજ્ય આવે અથવા સો ગામનું રાજ્ય આવે અથવા સર્વ પૃથ્વીનું રાજ્ય આવે તો પણ સંતની આગળ જેવો કંગાલ હતો ને દીન-આધીન રહેતો તેવો ને તેવો જ પ્રીતિએ યુક્ત થકો દીન-આધીન રહે; તેમ જ ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય પામે તો પણ સંતની આગળ તેવો ને તેવો જ દીન-આધીન રહે. અને ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય અને જેમ સૌ સંતની ટેલ-ચાકરી કરતો હોય, તેવી ને તેવી જ પોતામાં ભગવાનના જેવાં ઐશ્વર્ય આવે તો પણ કરતો રહે પણ સાધુ સાથે પિતરાઈદાવો બાંધે નહીં ને બરોબરિયાપણું કરે નહીં. એવાં જેનાં લક્ષણ હોય તેની

ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે.''

દાસ(ભક્ત) સત્સંગની હાણ-વૃદ્ધિમાં હર્ષ-શોક ન અનુભવે

ગઢડા પ્રથમ પ્રકરણના ૭૪મા વચનામૃતમાં આ વાત સમજાવતાં શ્રીહરિ કહે છે:

- ''આપણે તો શ્રીકૃષ્ણ નારાયણના દાસ છીએ, તે શ્રીકૃષ્ણ નારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું. અને એ શ્રીકૃષ્ણ ભગવાનની ઈચ્છા હશે તો સત્સંગની વૃદ્ધિ થશે ને જો એમને ઘટાડવો હશે તો ઘટી જશે. અને એ ભગવાન આપણને હાથીએ બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું અને ગધેડે બેસાડે તો ગધેડે બેસીને રાજી રહેવું. અને એ ભગવાનનાં ચરણારવિંદ વિના બીજે ક્યાંય પ્રીતિ રાખવી નહીં. અને એ ભગવાનની ઈચ્છાએ કરીને જેવી રીતે સત્સંગની વૃદ્ધિ થતી જાય તેવી રીતે રાજી રહેવું; પછી એ ભગવાનની ઈચ્છા હોય તો બધું જગત સત્સંગી થાઓ અથવા એની ઈચ્છાએ કરીને સર્વે સત્સંગી મટી જાઓ, પણ કોઈ રીતે હર્ષ-શોક મનમાં ધારવો નહીં; એ ભગવાનનું કર્યું સર્વે થાય છે. માટે સૂકું પાનડું જેમ વાયુને આધારે ફરે છે તેમ એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો મનમાં ઉદ્વેગ આવવા દેવો નહીં.''

દાસત્વ એટલે ભગવાનનો મહિમા સમજીને સ્વામી-સેવકભાવ દૃઢ કરવો

વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૭માં શ્રીહરિ વિવિધ દૃષ્ટાંતો દ્વારા આ વાત સમજાવતાં કહે છે કે જેમ સમુદ્રનું પાણી કીડી, ચકલું, મનુષ્ય, પશુ, ઘોડા, હાથી તથા મોટા મોટા મગરમચ્છ પીએ પરંતુ સમુદ્ર લેશમાત્ર ઓછો થતો નથી. વળી આકાશમાં મચ્છર, ચકલું, સમડી, બાજ, અનળપક્ષી અને ગરુડ ઊડે તો પણ આકાશ અપારનો અપાર રહે છે. તેમ જે જીવનું જેવું ગજું હોય તેટલો તે સમુદ્ર તથા આકાશનો મહિમા જાણે છે. એવી જ રીતે, મરીચ્યાદિક પ્રજાપતિ, બ્રહ્માદિક દેવો, વિરાટપુરુષ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ અને અક્ષરધામના અક્ષરમુક્તો જેટલી સામર્થીને પામ્યા હોય તેટલી

ભગવાનની ઉપાસના પ્રબળ થાય અને ભગવાનનો મહિમા વધુ ને વધુ સમજાય. વળી, ભગવાન પ્રત્યે સ્વામી-સેવકભાવ પણ અતિ દૃઢ થતો જાય.

જેમ પૃથ્વી પરથી ચંદ્ર નાનો થાળી જેવો દેખાય, પરંતુ જેમ જેમ નજીક જઈએ ત્યારે તે મોટો થતો જણાય. એકદમ નજીક જઈએ તો તે દૃષ્ટિમાં પણ ન આવે. તેમ માયારૂપ અંતરાય ટાળી, જેમ જેમ ભગવાનની સમીપ જવાય તેમ તેમ ભગવાનનો અપાર મહિમા સમજાય અને ભગવાન પ્રત્યે દાસપણું અતિ દૃઢ થતું જાય.

દાસત્વ એટલે ભગવાનના ભક્તોનો અવગુણ ન લેવો

વચનામૃત કારિયાણી પ્રકરણ ૯માં શ્રીહરિ કહે છે:

- "જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યાં એવાં જે પશુ, પક્ષી તથા વૃક્ષ-વેલી આદિક તેને પણ દેવ તુલ્ય જાણે, તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામસ્મરણ કરતા હોય ને તેને દેવ તુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું ?"

દાસ નિર્માની હોય

વચનામૃત અમદાવાદ પ્રકરણ ૩માં શ્રીહરિ કહે છે:

- "જે સેવક માની હશે તે તો કોઈને નહીં ગમતો હોય. અને માની સેવક પાસે જે ટેલ-ચાકરી કરાવવી, તે તો જેમ કાળ પડે ત્યારે મોટા માણસ પણ કોદરા ખાઈને જીવે, તેમ માની સેવકની પાસે સેવા-ચાકરી કરાવવી તે પણ એવી છે. અને ધણીનો રાજીપો તો જેવો નિર્માની સેવક ઉપર હોય એવો માની ઉપર ન હોય. માટે ધણીનું ગમતું કરે તે જ સેવક સાચો."

દાસ સર્વગુણસંપન્ન હોય, છતાં નિર્માનીપણે વર્તે

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૬માં શ્રીહરિ કહે છે:

- "હવે જે ગમે તે કહીએ છીએ જે, ભગવાનનો મહિમા તો યથાર્થ સમજે, ને પોતાના દેહથી વ્યતિરિક્ત જે પોતાનો આત્મા તેને

બ્રહ્મરૂપ સમજે, અને ધર્મમાં દૃઢ રહ્યો હોય, અને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય, અને આવી રીતનો પોતે હોય તો પણ સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે ને તેની આગળ પોતાને અતિ તુચ્છ જાણે, અને વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહીં, એવો જે હોય તે અમને બહુ ગમે.''

દાસભાવથી થતા લાભ

આજનો જમાનો એવો છે કે જ્યાં સુધી આપણને કોઈક વસ્તુ અપનાવવામાં કે અમુક રીતે વર્તવામાં થોડો પણ લાભ દેખાતો હોય, તો જ આપણે એને સ્વીકારીશું. તો દાસત્વપણું સિદ્ધ કરવું એ પ્રથમ દૃષ્ટિએ તો 'મૂકવાનું' કે 'છોડવાનું' એવું જણાય છે. પરંતુ શ્રીજીમહારાજે દાસત્વપણાને એટલું અનેરું મહત્વ આપ્યું છે કે એમના શબ્દોનું અધ્યયન કરતાં જણાય છે કે દાસત્વપણામાં છોડવાનું છે – આપણો અહંભાવ, સગવડો વગેરે. પરંતુ સામે એનાથી અનેક ગણી મોટી પ્રાપ્તિ થાય છે!

તો ચાલો, આપણે વચનામૃતના આધારે જ જોઈએ કે દાસત્વપણું સિદ્ધ કરવામાં કેવા મોટા લાભ રહેલા છે.

દાસભાવથી ભગવાન આપણને વશ થઈ જાય

ભગવાનને વશ કરવા એ કાંઈ સહેલી બાબત છે? અરે, કેટલાંય સાધનો ત્યાં સુધી પહોંચવા માટે વામણાં પડે! એ ભગવાન જો આપણે દાસભાવે વર્તીએ તો આપણને વશ થઈ જાય છે. શ્રીજીમહારાજ આ બાબતે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૧માં બલિરાજાની કથા વર્ણવીને કહે છે:

- ''એવી રીતે આપણે પણ બીજી સર્વ વાસના ટાળીને અને ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને ભગવાનના દાસ થઈ રહેશું, અને એમ કરતાંય ભગવાન આપણને વધુ દુઃખ દેશે તો ભગવાન પણ પોતે આપણે વશ થઈ જશે; શા માટે જે, પોતે ભક્તવત્સલ છે અને

કૃપાસિંધુ છે, તે જેની પોતાને વિષે અતિ દઢ ભક્તિ દેખે તેને પોતે આધીન થઈ જાય છે.''

ભગવાન આપણા ઉપર રાજી રહે

- વચનામૃત કારિયાણી પ્રકરણ ૬માં પરમહંસો વર્ણવે છે કે – દીવબંદરનાં બાઈ હરિભક્ત શ્રીહરિને અર્પણ કરવા માટે ખૂબ પ્રેમથી તૈયાર કરેલાં વસ્ત્ર-આભૂષણ લઈને આવ્યાં હતાં. તેમનો પ્રેમ જોઈને શ્રીહરિએ તેમની સન્મુખ જઈને તે અંગિકાર કર્યાં અને પાછા આસન પર બિરાજીને બોલ્યા: 'આજે અમારે એ હરિભક્ત પર બહુ રાજીપો થયો.'

  પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, 'હે મહારાજ! ભગવાન પોતાના ભક્ત ઉપર કયે ગુણે કરીને રાજી થતા હશે?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જે ભક્તજન કામ, ક્રોધ, લોભ, કપટ, માન, ઈર્ષ્યા અને મત્સર એટલાં વાનાંએ રહિત થઈને ભગવાનની ભક્તિ કરે તેની ઉપર ભગવાન રાજી થાય છે.

અહીં જે વિકારોએ રહિત થવાની શ્રીહરિએ વાત કરી છે, તે દાસભાવ આવે તો જ શક્ય બને એમ છે.

વળી, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮માં શ્રીહરિ કહે છે:

- ''જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે, અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે... જે ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે તે ઉપર તો અમારે અતિશય રાજીપો થઈ જાય છે.''

અહીં સેવા એ દાસભાવનું પ્રતીક છે.

દાસભાવ ન હોય તો અવગુણ આવે અને મોક્ષ ન થાય

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૨માં શ્રીજીમહારાજ પોતાના ભક્તજનને શિક્ષા કરવાને અર્થે વાર્તા કરતા હવા જે,

- ''જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહીં

જે, 'હું ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છું કે હું ધનાઢ્ય છું કે હું રૂપવાન છું કે હું પંડિત છું.' એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહીં અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈ રહેવું. અને ભગવાન તથા ભગવાનના ભક્ત તેનો જેને અવગુણ આવ્યો હોય ને તે સત્સંગી કહેવાતો હોય તો પણ તેને હડકાયા શ્વાન જેવો જાણવો. જેમ હડકાયા શ્વાનની લાળ જેને અડે તેને પણ હડકવા હાલે; તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તે સાથે જે હેત રાખે અથવા તેની વાત સાંભળે, તો તે હેતનો કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય. અને વળી જેમ ક્ષયરોગ થયો હોય તે કોઈ ઓષધે કરીને મટે જ નહીં, તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તેના હૃદયમાંથી ક્યારેય આસુરી મતિ ટળે નહીં.

અને અનંત બ્રહ્મહત્યા કરી હોય ને અનંત બાળહત્યા કરી હોય ને અનંત સ્ત્રીહત્યા કરી હોય ને અનંત ગૌહત્યા કરી હોય ને અનંત ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તેનો પણ કોઈ કાળે છૂટકો થાય ને શાસ્ત્રમાં તે પાપ છૂટ્યાના ઉપાય પણ કહ્યા છે, પણ ભગવાન ને ભગવાનના ભક્તના અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો નથી.

અને ઝેર ખાય અથવા સમુદ્રમાં પડે અથવા પર્વતથી પડે અથવા કોઈ રાક્ષસ મળે ને ખાઈ જાય તો એક જ વાર મરવું પડે, અને જે ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહી હોય તેને તો અનંત કોટિ કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે.

અને વળી ગમે તેવો શરીરમાં રોગ થયો હોય ને તેણે કરીને શરીર પડે અથવા કોઈ શત્રુ મળે ને શરીરનો નાશ કરી નાંખે પણ જીવનો નાશ થતો નથી; અને ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કર્યાથી તો જીવનો પણ નાશ થઈ જાય છે. ત્યારે કોઈ કહેશે જે, 'જીવનો નાશ કેમ થતો હશે?' તો ત્યાં દૃષ્ટાંત : જેમ હીજડો હોય તે પુરુષ પણ ન કહેવાય ને સ્ત્રી પણ ન કહેવાય, એ તો કેવળ વૃંદલ કહેવાય. તેમ જે ભગવાન ને ભગવાનના ભક્તના દ્રોહનો

કરનારો હોય તેનો જીવ પણ એવો નકારો થઈ જાય જે, કોઈ દિવસ પોતાના કલ્યાણના ઉપાયને કરી જ શકે નહીં; માટે એનો જીવ નાશ થઈ ગયો જાણવો. એમ જાણીને ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો જ નહીં.''

સ્પષ્ટ છે કે અહીં આ વચનામૃતમાં શ્રીજીમહારાજે જીવનો મોક્ષ ન થાય એનાં જે કોઈ જોખમો બતાવ્યાં છે, એ તમામ જોખમો જો દાસભાવ ન હોય તો ઊભાં થાય છે.

શ્રીજીમહારાજે અન્યત્ર પણ આના ઉપર ખૂબ ભાર મૂક્યો છે:

ભક્તચિંતામણિ પ્રકરણ ૬૮માં જણાવે છે કે –

'દાસના દાસ થઈને, વળી જે રહે સતસંગમાં;
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં...'

બીજાનો મોક્ષ કરવાની સામર્થી આવે

હમણાં જોયું કે દાસભાવના અભાવે પોતાનો મોક્ષ બગડી જાય. પરંતુ દાસભાવ સિદ્ધ થઈ જાય તો? તો પોતાનો તો શું, બીજાનો મોક્ષ કરવાની સામર્થી એ ભક્ત પ્રાપ્ત કરી લે છે. કેટલું અદ્‌ભુત છે!

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪માં શ્રીહરિ કહે છે:

- ''જે ભગવાનના દાસ થયા છે તેને તો કાંઈ કરવું રહ્યું નથી. એનાં દર્શને કરીને તો બીજા જીવનું કલ્યાણ થાય છે, તો એનું કલ્યાણ થાય એમાં શું કહેવું? પણ ભગવાનનું દાસપણું આવવું તે ઘણું કઠણ છે.''

આમ, દાસભાવ સિદ્ધ કરવાના કેવા અનેરા લાભ છે!

હવે એ દાસભાવ સિદ્ધ કરવાના વચનામૃત કથિત ઉપાયોને સમજીએ.

દાસભાવ સિદ્ધ કરવાના ઉપાયો

દાસભાવ સિદ્ધ કરવાથી આટલા બધા લાભ થતા હોય, તો એને સિદ્ધ કરવાનાં સાધનો પણ કાચાં-પોચાં નહીં હોય! વચનામૃત આ સાધનોને સુપેરે સમજાવે તો છે જ, પરંતુ સાથે સાથે એવી પણ હૈયાધારણા આપે છે કે આ સાધનો ભલે આકરાં જણાશે, પણ ભગવાન અને સંતનો સંગાથ છે, તો એની

સિદ્ધિ ન ધારી શકાય એટલી સરળ બની રહેશે.

શ્રીજીમહારાજનો આદર્શ : દાસભાવ સિદ્ધ કરવાના ઉપાયો અંગે વિચાર કરતાં પહેલાં, શ્રીજીમહારાજ આપણને કેવા આદર્શ 'દાસ' બનાવવા માગે છે એ જોઈએ, અને આ મહાપુરુષોનાં નામો વાંચીને એમની કક્ષાની નજીક પહોંચવા માટે આપણે કેટલો દાખડો કરવો પડશે એનો પણ અંદાજ મૂકી લઈએ.

- વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨માં શ્રીજીમહારાજ કહે છે: "એવા દાસત્વભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે અને બીજા મુક્તાનંદ સ્વામી છે."

  આ જ વચનામૃતમાં વળી કહ્યું છે: "અને ત્રીજું દાસપણાનું અંગ જે, હનુમાનજી તથા ઉદ્ધવજીની પેઠે દાસભાવે ભગવાનનું ભજન કરવું."

તો વળી, વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૫માં આદર્શ સેવાભાવી ભક્ત તરીકે ઉકાખાચરને અને વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૧માં આદર્શ નિર્માની ભક્ત તરીકે રતનજી અને મિયાંજીને શ્રીજીમહારાજે ગણ્યા છે.

આ હરોળમાં પ્રવેશ મેળવવા માટેનાં સાધનોની હવે આપણે નોંધ લઈશું.

શારીરિક સેવા દ્વારા દાસત્વ સિદ્ધ થાય

'દાસભાવ' શબ્દ દ્વારા જ અભિપ્રેત થાય છે કે કોઈના દાસ થવું, એટલે કે શારીરિક રીતે કોઈની સેવા કરવી. વચનામૃતમાં શ્રીજીમહારાજે ભગવાન અને ભક્તોની સેવા કરવાનો સારી પેઠે આગ્રહ રાખ્યો છે.

- વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૩: ભગવાન કે ભગવાનના ભક્તને શુદ્ધભાવે કરીને સેવવા.
- વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૫: ઉકાખાચર જેવું સેવાનું વ્યસન રાખવું.
- વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૮: ઈન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખવી.
- વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૧: ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવા કરવી.

જો કે ઉપરોક્ત વચનામૃતોમાં સેવાનો મહિમા અવશ્ય છે, એનાથી દાસભાવ દૃઢ થશે એ પણ સમજી શકાય છે, તેમ છતાં એ વાત એકદમ સ્પષ્ટપણે કહી નથી.

પરંતુ હવેનાં અવતરણોમાં જોઈએ કે એ બાબત સ્પષ્ટ શબ્દોમાં પણ કહી છે...

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૧માં સેવાની પરાકાષ્ઠા રૂપ સર્વસ્વ સમર્પણ કરનાર બલિરાજાની વિસ્તારથી વાત કર્યા પછી શ્રીહરિ કહે છે:

- "એવી રીતે આપણે પણ બીજી સર્વ વાસના ટાળીને અને ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને ભગવાનના દાસ થઈ રહેશું, અને એમ કરતાંય ભગવાન આપણને વધુ દુઃખ દેશે તો ભગવાન પણ પોતે આપણે વશ થઈ જશે; શા માટે જે, પોતે ભક્તવત્સલ છે અને કૃપાસિંધુ છે, તે જેની પોતાને વિષે અતિ દૃઢ ભક્તિ દેખે તેને પોતે આધીન થઈ જાય છે."

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૮માં તો વળી ભગવાનના જે દાસ હોય તેના પણ ગુલામ થવાનું શ્રીહરિ કહે છે:

- "એવો પાકો હરિભક્ત થયાનો તો એ જ ઉપાય છે જે, પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે અને એમ જાણે જે, 'એ સર્વ ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું,' એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે. અને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે અને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે."

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮માં શ્રીહરિ પોતાના અંગની વાત કરતાં કહે છે:

- "મારે તો એ જ અંગ છે જે, 'જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું,' એ જ મારે વિષે મોટો ગુણ છે. અને એટલો ગુણ જેમાં ન હોય તો તેમાં કોઈ જાતની મોટ્યપ શોભે નહીં."

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧માં શ્રીહરિ કહે છે કે –

- "અમને એમ જણાય છે જે, જડભરત, શુકદેવ, દત્તાત્રેય, ઋષભદેવ ભગવાન એના સરખો અમારા જીવનો ઢાળો છે. માટે અમને પણ વન, પર્વત ને જંગલ એમાં જ રહેવું ગમે છે, પણ મોટાં મોટાં શહેર – પાટણ હોય એમાં રહેવું ગમતું નથી, એવો અમારો સહજ સ્વભાવ છે; તો પણ ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે લાખો માણસના ભીડામાં રહીએ છીએ તો પણ અમારે જેવું વનમાં રહીએ ને નિર્બંધ રહેવાય તેવું જ રહેવાય છે. અને અમે પોતાને સ્વાર્થે કરીને લાખો માણસમાં નથી રહેતા, અમે તો ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે માણસના ભીડામાં રહીએ છીએ. અને ભગવાનના ભક્તને અર્થે ગમે તેટલી પ્રવૃત્તિ કરવી પડે તો પણ એને અમે નિવૃત્તિ જાણીએ છીએ."

આ બધાં વચનામૃતોના સાર રૂપે આપણે એટલું સમજીએ કે દાસભાવ સિદ્ધ કરવાનું પ્રબળ સાધન છે – સેવા.

માનસિક સેવા દ્વારા દાસભાવ સિદ્ધ થાય

દાસભાવ દૃઢ કરવો એ કેવળ શારીરિક નહીં, પરંતુ મહદ્અંશે માનસિક - વૈચારિક સાધના છે. આપણું મન પહેલાં તૈયાર થવું જોઈએ કે મારે કોને કેવી રીતે મનથી સ્વીકારવાના છે. આ વૈચારિક સાધનામાં ઘણું બધું સમાવિષ્ટ થાય છે; જેમ કે, કોઈનો અવગુણ ન લેવો, મહિમા-વિચાર વગેરે. શ્રીજીમહારાજે આના ઉપર અતિશય ભાર મૂક્યો છે.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮માં શ્રીહરિ કહે છે કે –

- "અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો."

શ્રીજીમહારાજ કેવી અદ્ભુત માનસિક તૈયારી બતાવે છે ! જન્મ-મરણના ફેરામાંથી છોડાવનાર શ્રીજીમહારાજ ખાસ નવો જન્મ લઈને સેવા કરવાની વાત કરે છે.

આવી જ વાત કરતાં ફરી વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૮માં તેઓ કહે છે :

- "અમારે પણ એ જ અંતરમાં વાસના છે જે, આ દેહને મૂકશું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી, તો પણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, 'જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો,' એમ જ ઇચ્છીએ છીએ."

શ્રીહરિ પોતાના અંતરની અતિ ઉચ્ચ ભાવના માટે, અહીં 'વાસના' જેવો શબ્દ વાપરીને પણ ભગવાનના ભક્તોની સેવામાં પ્રવર્તવાનો વિચાર અતિ દૃઢતાપૂર્વક રજૂ કરે છે.

અગાઉ કહ્યું એ મુજબ કેવળ ઇચ્છતા જ નથી, ખરેખર શ્રીજીમહારાજ પોતાના દાસ - સેવક એવા મૂળજી બ્રહ્મચારીનો એવો મહિમા સમજે પણ છે, અને આપણને પણ એવો જ અનુરોધ કરે છે.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૭માં આ જ વાત કરતાં તેઓ કહે છે :

- "વળી જેમ પોતાની સેવા ગૃહસ્થ કરે છે અથવા ત્યાગી સેવા કરે છે, તેમ આપણે પણ હરિભક્તનું માહાત્મ્ય જાણ્યું જોઈએ. જેમ અમારી ચાકરી મૂળજી બ્રહ્મચારી માહાત્મ્ય જાણીને કરે છે, તેમ અમે પણ બ્રહ્મચારીનું માહાત્મ્ય જાણીએ છીએ. તેમ આપણી ગૃહસ્થ અન્ન-વસ્ત્રે કરીને ચાકરી કરે છે, તેમ આપણે પણ એમનું માહાત્મ્ય સમજીને એમની વાતચીતે કરીને ચાકરી કરવી; એમ અરસપરસ માહાત્મ્ય સમજીને હરિભક્તની સોબત્ય રાખવી."

મહિમા સમજાય, માન મુકાય અને દાસભાવ આવે

શ્રીજીમહારાજ એક અનોખી સાંકળ સમજાવે છે. ભગવાન તથા ભક્તોનો (ક્યારેક સંત શબ્દ પણ વાપર્યો છે) મહિમા સમજાય તો એમની મોટપ સામે આપણી મોટપ કાંઈ જ નથી એમ પ્રતીતિ થાય. એટલે કે માન મુકાય. તો પછી દાસભાવ આવવામાં ક્યાં વાર લાગે એમ છે?

મુક્તાનંદ સ્વામીએ પણ ગાયું છે : *'હું ટળે હરિ ઢૂંકડા, તે ટળાય દાસે રે...'*

ચાલો, આ સદ્‌ગુણો કેવી રીતે ક્રમાનુસાર પોતાની અસર બતાવે છે, એ શ્રીહરિનાં વચનો પ્રમાણે જોઈએ...

- વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૮માં બ્રહ્માનંદ સ્વામી તથા

શુકમુનિ તથા સુરો ખાચર એ ત્રણને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "તમે જેણે કરીને પાછા પડી જાઓ એવો તમારામાં કયો અવગુણ છે?" ત્યારે એ ત્રણે કહ્યું જે, "હે મહારાજ! માનરૂપ દોષ છે; માટે કોઈક બરોબરિયા સંત અપમાન કરે તો કાંઈક મૂંઝવણ થાય."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે પૂછીએ છીએ જે, 'દ્યુપતય એવ તે ન યયુરન્તમનન્તતયા' એવી રીતે માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય ને એવા જે ભગવાન તેના જે સંત તે સાથે માન, ઈર્ષ્યા, ક્રોધ કેમ થાય? અને જો થાય છે તો જાણ્યામાં ફેર છે. કેમ જે, ગવર્નર સાહેબને જાણ્યો છે જે, એ સમગ્ર પૃથ્વીનો પાદશાહ છે ને બળિયો છે, ને જો તેનો એક ગરીબ સરખો હમેલિયો આવ્યો હોય તો તેનો હુકમ મોટો રાજા હોય તે પણ માને ને તે જેમ કહે તેમ દોર્યો દોરાય. શા માટે જે, તે રાજાએ એમ જાણ્યું છે જે, 'બળિયો જે ગવર્નર સાહેબ તેનો એ હમેલિયો છે.' અને જેથી જે બળિયો તેની આગળ માન રહે નહીં, તેમ જેણે ભગવાનને સમગ્ર ઐશ્વર્ય-સમૃદ્ધિના ધણી જાણ્યા હોય તો તેને સંતની આગળ માન કેમ રહે?'

પછી બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ! તમે ઠીક કહો છો. જો એમ માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય તો માન, ઈર્ષ્યા, ક્રોધ તે સંતની આગળ થાય જ નહીં.'

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જુઓ ને, ઉદ્ધવજી કેવા મોટા હતા ને કેવા ડાહ્યા હતા! પણ જો ભગવાનની મોટાઈને જાણતા હતા તો તે ભગવાનને વિષે હેતવાળી જે વ્રજની ગોપીઓ તેનાં ચરણની રજને પામ્યા સારુ વનવેલીનો અવતાર માગ્યો!"

- વચનામૃત લોયા પ્રકરણ ૧૭માં શ્રીહરિ જણાવે છે:

"અને એ ભગવાનને ભજતા હોય એવા જે સંત તેનું પણ એ બહુ માહાત્મ્ય સમજે જે, 'એવા મોટા જે ભગવાન તેના સાક્ષાત્ ઉપાસક એ સંત છે, માટે એ બહુ મોટા છે.' જેમ ઉદ્ધવ પોતે કેવા મોટા હતા! પણ જો આવી રીતે ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો પોતાને કાંઈ ડહાપણનું માન ન રહ્યું ને ગોપીઓનાં ચરણની રજને

પામવાને ઈચ્છ્યા અને વૃક્ષ-વેલીનો અવતાર માગ્યો! કેમ જે, એવા મોટા ભગવાન જેના માર્ગને વેદની શ્રુતિ ખોળે છે, તે ભગવાનને વિષે એ ગોપીઓની પ્રીતિ અતિશય ભાળી. તેમ એવા ભગવાનના સંત હોય તેને આગળ માન કેમ રહે ? અને તેને નમાય કેમ નહીં? તેને આગળ તો દાસાનુદાસ થઈને રહેવાય. અને પાંચ પાંચ ખાસડાં મારે તો પણ ખમે અને એમ સમજે જે, 'મારાં મોટાં ભાગ્ય થયાં જે એવા સંતનો હું તિરસ્કાર સહું છું. નહીં તો પ્રારબ્ધવશ થઈને બાયડી-છોકરાંના તિરસ્કાર સહેવા પડત તથા માબાપના તથા રાજાના તિરસ્કાર સહેવા પડત. અને પ્રારબ્ધવશ થઈને ડોડીની ભાજી ખાવી પડત તથા મોથ્ય ખોદીને ખાવી પડત, તે કરતાં આ સંતને સંગે રહીને હું નિઃસ્વાદી વર્તમાન પાળું છું, તે મારાં મોટાં ભાગ્ય છે. અને પ્રારબ્ધવશ થઈને જેવાં-તેવાં વસ્ત્ર તથા ચીંથરાં પહેરવાં પડત, તે કરતાં આ સંતને સંગે રહીને હું ગોદડી ઓઢું છું, તે એ મારાં મોટાં ભાગ્ય છે.' અને સંતની સભામાં જાય છે ને પોતાને માન જડતું નથી ત્યારે એ સંતનો અવગુણ લે છે, ત્યારે એને સંતની મોટ્યપ જાણ્યામાં આવી નથી; નહીં તો અવગુણ લેત નહીં. જેમ મુંબઈનો ગવર્નર સાહેબ ખુરસી નાંખીને બેઠો હોય ને તેની સભામાં કોઈ ગરીબ માણસ જાય ને તેને ખુરસી ન નાંખી દે ને આદર કોઈ ન કરે, ત્યારે કાંઈ એને તે ઈંગ્રેજ ઉપર ધોખો થાય છે? ને કાંઈ તેને ગાળ દીધાનું મનમાં થાય છે? લેશમાત્ર પણ થતું નથી. શા માટે જે, એ ઈંગ્રેજની મોટાઈ જાણી છે જે, 'એ તો મુલકનો પાદશાહ છે ને હું તો કંગાલ છું,' એવું જાણીને ધોખો થાય નહીં. તેમ જો સંતની મોટાઈ જાણી હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તો પણ ધોખો થાય નહીં અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ તો કોઈ રીતે લે જ નહીં. માટે જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે અને જેને માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહીં."

■ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૨માં શ્રીહરિ કહે છે :

"તે તો એ ત્રણ અંગવાળા માંહેલો જે હરિભક્ત હોય તેનો દાસાનુદાસ થઈને તેની આજ્ઞામાં રહે, તો તે કાંઈ ન સમજતો હોય તો પણ એ છતી દેહે જ ભગવાનનો પાર્ષદ થઈ રહ્યો છે ને કૃતાર્થ થઈ રહ્યો છે."

આ સમગ્ર પ્રક્રિયામાં પોતાને ન્યૂન સમજવું અને ભક્તોને મોટા સમજવા એ ખૂબ જ મહત્વનું છે. એ સિવાય, દાસભાવ પ્રતિ આગળ વધવાનાં ચક્રો ગતિમાન થઈ શકે જ નહીં! આથી જ શ્રીજીમહારાજ આ પ્રકારે સમજાવે છે:

- વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૮માં શ્રીજીમહારાજ કહે છે: "પ્રથમ તો મોટા સંત સાથે નિષ્કપટપણે વર્તે અને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, અહંકાર અને ઈર્ષ્યા એ સર્વનો ત્યાગ કરે અને સંતનો ગુલામ થઈને રહે ને અંતરમાં માન ટળેભાવે રહે પણ દેહે કરીને સર્વેને નમતો રહે, તો એની ઉપર મોટા સંત રાજી થાય છે. તે એવો પાકો હરિભક્ત થયાનો તો એ જ ઉપાય છે જે, પરમેશ્વરના દાસનો ગુલામ થઈને રહે અને એમ જાણે જે, 'એ સર્વ ભક્ત મોટા છે ને હું તો સર્વથી ન્યૂન છું,' એમ જાણીને હરિભક્તનો દાસાનુદાસ થઈ રહે. અને એવી રીતે જે વર્તે તેના સર્વ વિકાર નાશ પામે અને તેને દિવસે દિવસે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિક જે શુભ ગુણ તે વૃદ્ધિ પામતા જાય છે."
- વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૮માં શ્રીહરિ કહે છે: "સત્સંગમાં જેને વધારો થયાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે ત્યારે તેને દિવસે દિવસે સત્સંગીમાત્રનો હૈયામાં ગુણ જ આવે અને સર્વ હરિભક્તને મોટા સમજે ને પોતાને ન્યૂન સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે, એવાં લક્ષણ જ્યારે હોય ત્યારે જાણીએ જે, 'શુભ વાસના વૃદ્ધિ પામી છે.' અને તે જેમ જેમ વધુ વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ વધુ સમાસ થતો જાય અને અતિશય મોટ્યપને પામી જાય છે."

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અતિશય મોટપની વ્યાખ્યા આ રીતે આપી છે:

'અતિશય મોટપ પામ્યો એટલે શું?'

'દાસનો દાસ રહે તે.'

પોતાને ન્યૂન સમજે એવો હરિભક્ત જ શ્રીજીમહારાજને બહુ ગમે છે.

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૬માં શ્રીહરિ જણાવે છે:

- "...અને હવે જે ગમે તે કહીએ છીએ જે, ભગવાનનો મહિમા તો યથાર્થ સમજે, ને પોતાના દેહથી વ્યતિરિક્ત જે પોતાનો આત્મા તેને બ્રહ્મરૂપ સમજે, અને ધર્મમાં દૃઢ રહ્યો હોય, અને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય, અને આવી રીતનો પોતે હોય તો પણ સત્સંગમાં કોઈક કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે ને તેની આગળ પોતાને અતિ તુચ્છ જાણે, અને વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહીં, એવો જે હોય તે અમને બહુ ગમે."

પણ હા, માન ટળવું અતિ દુષ્કર છે. માન રહી જ જાય છે. તો શ્રીજીમહારાજે એક જ બાબતે અહંકાર રાખવાની છૂટ આપી છે. એ છે – 'દાસભાવનો અહંકાર' રાખી શકાય. એટલે કે દાસભાવ જ રાખવાનો છે.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૨માં તેઓ જણાવે છે:

- "(અમે) અહંકારને કહ્યું જે, ભગવાનના દાસત્વપણા વિના બીજું અભિમાન ધર્યું તો તારો નાશ કરી નાંખીશ."

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૧માં શ્રીજીમહારાજ કૃપા કરીને પોતાના ભક્તજનને ઉપદેશ કરતાં થકા બોલ્યા જે,

- "જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવા કરવી. તે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે ભક્તિએ કરીને જ કરવી, પણ કોઈક વખાણે તે સારુ ન કરવી."

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮માં શ્રીહરિ કહે છે:

- "ભગવાનના ભક્તનો જેને જેને અભાવ આવ્યો છે, તે અતિશય મોટા હતા તો પણ પોતાની પદવી થકી પડી ગયા છે. અને જેનું રૂડું

થાય છે તે પણ ભગવાનના ભક્તની સેવામાંથી જ થાય છે અને જેનું ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહમાંથી જ થાય છે. અને વળી જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે, અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે.''

વચનામૃત કારિયાણી પ્રકરણ ૯માં શ્રીજીમહારાજ કહે છે:

- ''જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહીં અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહીં. જેમ ઉદ્ધવજી જો ભગવાનના મહિમાને સમજતા હતા તો એમ વર માગ્યો જે, 'આ ગોપીઓની ચરણરજનાં અધિકારી એવાં જે વૃંદાવનને વિષે લતા તથા તૃણ તથા ગુચ્છ તેને વિષે હું પણ કોઈક થાઉં.'

  અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિષે વૃક્ષને તથા પક્ષીને તથા મૃગલાંને બળદેવજી આગળ અતિ મોટાં ભાગ્યવાળાં કહ્યાં છે. અને બ્રહ્માએ પણ શ્રીકૃષ્ણ ભગવાન પાસે એમ વર માગ્યો છે જે, 'હે પ્રભો! આ જન્મને વિષે અથવા પશુ-પક્ષીના જન્મને વિષે હું જે તે તમારા દાસને વિષે રહીને તમારાં ચરણારવિંદને સેવું એવું મારું મોટું ભાગ્ય થાઓ.' માટે એવો જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને ભગવાનના ભક્ત ઉપર કોઈ દિવસ અવગુણની ગાંઠ ન બંધાય અને પોતાના ઈષ્ટ જે પ્રત્યક્ષ ભગવાન તેનો જે ભક્ત તેને વિષે જે કોઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહીં.

  અને જે ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યાં એવાં જે પશુ, પક્ષી તથા વૃક્ષ-વેલી આદિક તેને પણ દેવ તુલ્ય જાણે, તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામસ્મરણ કરતા હોય ને તેને દેવ તુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું? માટે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્ત સંગાથે વૈર ન

બંધાય અને જે માહાત્મ્ય ન સમજે તેને તો ભગવાનના ભક્ત સંગાથે વૈર બંધાય ખરું. માટે જે ભગવાનનું તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણતો હોય ને તે સત્સંગી છે તો પણ તેને અર્ધો વિમુખ જાણવો અને ભગવાનનો ને ભગવાનના ભક્તનો જે મહિમા સમજે તેને જ પૂરો સત્સંગી જાણવો.''

અહીં 'મહિમા સમજાય', 'અવગુણની ગાંઠ ન બંધાય' જેવા શબ્દો દ્વારા શ્રીજીમહારાજ 'દાસભાવ'ની જ વાત કરી રહ્યા છે.

વળી, 'દ્રોહ ન કરે' – એટલે કે દાસભાવ દૃઢ રાખે – એ અભિપ્રેત છે.

દાસભાવનો ભંગ થઈ જાય તો ?

માન રાખવું એ માણસની મૂળભૂત પ્રકૃતિ છે. આટલાં સાધનો કર્યાં બાદ, ખૂબ જાણપણું રાખવા છતાં, એમ નથી લાગતું કે ક્યારેક, ક્યાંક, કદાચ માન આપણા ઉપર ચડી બેસશે ? ચોક્કસ લાગે છે. તો એ ઘડીએ આપણી કેવી હાલત થશે ? હમણાં જ આપણે જોયું કે માન આવે, પછી અભાવ આવે, પછી દ્રોહમાં પડી જવાય – આ શૃંખલામાં તમામ નહીં, પણ કોઈક ભક્તો ફસાઈ જાય એવી પૂરી શક્યતા છે. અને જો આવી દુર્ઘટના ઘટી તો પરિણામ કેવું ભયંકર આવશે ? મોક્ષ નહીં થાય, નરક-ચોરાશીમાં ભમવું પડશે, શાંતિ નહીં રહે વગેરે દંડ માથા ઉપર મંડરાશે.

પણ ના, આપણે આપણી આવી હલકી ગતિ થવા દેવી નથી. તો શું કરવું ? શ્રીજીમહારાજે અતિ કરુણા કરીને, જો આવી ભયંકર ભૂલ થઈ જાય તો પણ એમાંથી કેવી રીતે બચી જવાય એના પણ ઉપાયો બતાવ્યા છે. એટલે કે દાસભાવ તૂટી જાય તો કેવી રીતે પાછો લાવવો, ભગવાનના ભક્તના દ્રોહરૂપી પાપનું કેવી રીતે નિવારણ કરવું એ સમજાવ્યું છે.

ચાલો, એનો અભ્યાસ કરી લઈએ અને સિદ્ધ થયેલ દાસભાવના ભંગ પછી એની પુનઃ સિદ્ધિ કરી લઈએ.

અરે, પ્રયત્ન તો એવો કરીએ કે આવી નોબત જ ન આવે !

ભક્તના દ્રોહરૂપી પાપનું નિવારણ

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૨માં શ્રીહરિ કહે છે :

- "જેણે ભગવાનના ભક્તનો દ્રોહ આદર્યો હોય ને પરિપક્વ દ્રોહબુદ્ધિ થઈ હોય તેની તો કોઈ યોગે કરીને દ્રોહબુદ્ધિ ટળે નહીં. અને દ્રોહ કર્યાની સાધનદશામાં હોય ને એમ જાણે જે, 'ભગવાન ને ભગવાનના ભક્તનો મેં દ્રોહ કર્યો એ મોટું પાપ કર્યું, માટે હું તો અતિશય નીચ છું અને ભગવાન ને ભગવાનના ભક્ત તે તો બહુ મોટા છે.' એવી રીતે જે ભગવાનનો ને ભગવાનના ભક્તનો ગુણ લે અને પોતાને વિષે દોષ જુએ, તો ગમે તેવાં મોટાં પાપ કર્યાં હોય તો પણ તે નાશ પામે છે... માટે જેને પોતાનું રૂડું ઇચ્છવું તેણે ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહીં ને જો જાણે-અજાણે કાંઈક દ્રોહ થઈ ગયો હોય તો પગે લાગી સ્તુતિ કરીને જેમ તે રાજી થાય તેમ કરવું."

અહીં આ વચનામૃતમાં શ્રીહરિએ ૩ ઉપાયો બતાવ્યા છે:

૧. ભગવાન ભક્તનો ગુણ લે,

૨. પોતાનો દોષ જુએ, અને

૩. પગે લાગીને સ્તુતિ કરીને રાજી કરે.

એક વાર શ્રીજીમહારાજ ગઢડામાં સભા ભરીને બેઠા હતા. કથા શરૂ થવાની તૈયારીમાં હતી. શ્રીજીમહારાજ સિંહાસન પર બિરાજ્યા હતા. ત્યાં એક સાત વર્ષનો બાળક શ્રીજીમહારાજને પગે લાગવા જતો હતો. તેવામાં દૂર હરિભક્તોની બેઠક પાછળથી એક કાળોતરો નાગ નીકળ્યો. કોઈને આ વાતની જાણ નહીં. શ્રીજીમહારાજે દૂરથી આ જોયું. તેઓ નાગ તરફ દોડ્યા. તેવામાં પેલો બાળક તેમની અડફેટમાં આવ્યો. બાળક પડી ગયો. શ્રીજીમહારાજને આમ દોડતા જોઈને સૌ હરિભક્તોએ પાછળ નજર કરી. જોયું તો કાળો નાગ. ભગુજી તથા મૂળજી શ્રીજીમહારાજની આગળ પહોંચી ગયા. નાગને પકડીને માટલામાં નાખી દૂર ફેંકવા ચાલી ગયા.

શ્રીજીમહારાજ પાછા આવીને સિંહાસને બિરાજ્યા. તેમને બાળક ભુલાયો નહોતો. તેમણે યાદ કરીને બાળકને પોતાની પાસે બોલાવ્યો. પોતાના ખોળામાં થોડી વાર બેસાર્યો. વહાલ કર્યું. પછી બે પાકી કેરીની પ્રસાદી આપી રાજી કર્યો. બાળક રાજી થઈ શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કરીને પાછો ગયો.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૦માં શ્રીહરિ પોતાના વર્તન દ્વારા

ઉપદેશ આપતાં જણાવે છે કે–

- "નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર કરીને એમ કહેતા જે, 'હે મહારાજ! આ દેહાદિકને વિષે અહં-મમત્વ હોય તેને તમે ટાળજ્યો.' અને આજ તો અમને એવો વિચાર થયો જે, 'ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે-અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી.' માટે જાણે-અજાણે મને, વચને, દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બની આવ્યો હોય, તેનો દોષ નિવારણ કરાવ્યા સારુ એક પ્રણામ અધિક કર્યો. જેને આ દેહે કરીને પરમ સુખિયા થવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખિયા થવું હોય, તેને ભગવાનના ભક્તનો મને, વચને, દેહે કરીને દ્રોહ ન કરવો. અને જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી, ને મને કરીને ને દેહે કરીને તેને દંડવત્ પ્રણામ કરવા, ને ફરીને દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો. પણ એક વાર દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કર્યા ને વળી ફરી દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કરવા, એવી રીતે વર્તવું નહીં. અને આ વાર્તા દાડી સાંભરતી રહે તે સારુ આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે, ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમ જે દંડવત્ પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે-અજાણે મને, વચને, દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્ પ્રણામ નિત્યે કરવો. એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો."

અહીં શ્રીહરિ નીચે મુજબના ઉપાયો બતાવે છે:

- ઠાકોરજીને એક દંડવત્-પ્રણામ અધિક કરવો. અને એ વખતે કોઈનો પણ જાણે-અજાણે અપરાધ થઈ ગયો હોય, તો તે બદલ ભગવાનની માફી માંગવી.
- એ ભક્તની પણ દંડવત્-પ્રણામ કરીને માફી માગવી.
- ફરીથી એવો અપરાધ ન થઈ જાય એનું જાણપણું રાખવું.

■ વચનામૃત લોયા પ્રકરણ ૧માં ભગવદાનંદ સ્વામી શ્રીહરિને પ્રશ્ન પૂછે છે કે "હરિજનનો અવગુણ આવ્યો હોય તેને ટાળ્યાનો કોઈ ઉપાય છે કે નથી?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ઉપાય તો છે પણ અતિ કઠણ છે, તે અતિશય શ્રદ્ધાવાળો હોય તેથી થાય છે. જ્યારે કોઈ સંતનો અવગુણ આવે ત્યારે એમ વિચાર કરે જે, 'મેં અતિ મોટું પાપ કર્યું, જે માટે બ્રહ્મસ્વરૂપ એવા જે ભગવાનના ભક્ત તેનો અવગુણ લીધો.' એવા વિચારમાંથી અતિશય દાઝ હૈયામાં થાય, તે દાઝને મારે અન્ન જમે તો તેના સ્વાદુ-કુસ્વાદુપણાની ખબર પડે નહીં તથા રાત્રિને વિષે નિદ્રા પણ આવે નહીં. અને જ્યાં સુધી સંતનો અવગુણ હૈયામાંથી ટળે નહીં ત્યાં સુધી જેમ જળ વિનાનું માછલું તરફડે તેમ અતિ વ્યાકુળ થાય. અને જ્યારે એ સંતનો હૈયામાં અતિશય ગુણ આવે ને તે સંત કોઈ વાતે દુખાણા હોય તો તેને અતિ દીન થઈને પ્રસન્ન કરે. એવી જાતનો જેના હૃદયમાં વિચાર રહેતો હોય તો તેને સંતનો અવગુણ આવ્યો હોય તે પણ ટળી જાય ને સત્સંગમાંથી પણ વિમુખ ન થાય; પણ એ વિના બીજો કોઈ એનો ઉપાય નથી કહ્યો, એ જ એક ઉપાય છે."

આમાં તો શ્રીહરિ એક જ ઉપાય બતાવે છે – અને એ પણ માનસિક – કે પશ્ચાત્તાપ કરવો! બસ આટલું જ! પણ આ સહેલું નથી. વિચાર કરતાં ખ્યાલ આવે છે કે આ અઘરામાં અઘરો ઉપાય છે, કારણ કે આપણું માન છે તે પ્રથમ તો આપણી ભૂલ છે એ જ કબૂલ કરવા દેતું નથી. અને પછી પશ્ચાત્તાપ કેવો કરવાનો? કે રાત-દિવસ અખંડ એનો આલોચ રહે, ખાવાનું હરામ થઈ જાય, નિદ્રા ન આવે.

ટૂંકમાં, અતિ અતિ પ્રામાણિક અંતર્દૃષ્ટિ અને અતિ અતિ નિર્મળ અંતઃકરણ હોય, તો જ આ શક્ય બને! અને તો જ ભગવાન દાસભાવના ભંગનો ગુનો માફ કરે.

જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી પાસે હરિભજનાનંદ સ્વામી નામના એક સંત રહેતા હતા. તેમનો સ્વભાવ જરા આકરો હતો. તેથી ઘણી વાર અંદર અંદર સાધુઓ સાથે લડી પડતા. જો કે તેમને સેવાનું બળ એટલું હતું કે તે વાડીમાં પથ્થર કાપવા જતા ત્યારે દેહને ગણતા નહીં. પથ્થર કાપી કાપીને

તેમના હાથ એવા સખત થઈ ગયા હતા કે મૂઠીઓ પણ વળતી નહોતી.

તેમને શરીરમાં અસહ્ય મંદવાડ આવ્યો અને ખૂબ પીડા થવા લાગી. શારીરિક પીડા સહી ન શકવાને કારણે કૂવામાં પડીને આપઘાત કરવાનો વિચાર તેમને આવી ગયો.

આ વાતની ગુણાતીતાનંદ સ્વામીને ખબર પડી, એટલે સ્વામી તેમની પાસે આવ્યા અને હેતથી કહ્યું : 'મહારાજ તો તમને ત્રણ-ચાર દિવસમાં તેડી જશે. પણ તમે તમારા આકરા સ્વભાવથી ઘણા સાધુનો દ્રોહ કર્યો છે. માટે તેમને આસને જઈને તેમને પગે લાગી માફી માગો અથવા અહીંથી તેઓ નીકળે તો આસને બેસી પગે લાગી માફી માગશો તો જ મહારાજ તેડી જશે, પણ આપઘાત કરશો તો હજાર વરસ સુધી ભૂતની યોનિને પામવું પડશે, અપવિત્ર ખાવું પડશે અને પાણી પણ પીવા મળશે નહીં.'

હરિભજનાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીની આ વાત સાંભળી નરમ થઈ ગયા. પછી દરેક સંતને આસને જઈ તેમને પગે લાગી, તેમણે તેમના આકરા સ્વભાવથી તેમનો કોઈ અપરાધ થયો હોય તો તેની માફી માગી. આ પ્રમાણે તેમણે પ્રાયશ્ચિત્ત કર્યું એટલે ત્રીજે દિવસે ગુણાતીતાનંદ સ્વામીના વચન અનુસાર શ્રીજીમહારાજ તેમને ધામમાં લઈ ગયા.

આ છે દાસભાવ.

આપણે દાસભાવની વ્યાખ્યા એટલે કે લક્ષણો જોયાં. એનાથી થતા લાભોને જાણ્યા અને છેલ્લે દાસભાવ સિદ્ધ કરવાના 'વચનામૃત' કથિત ઉપાયોને પણ સમજ્યા. આ બધા શબ્દો જોતાં અને વિચારતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે 'દાસભાવ' એ ભગવાન સ્વામિનારાયણનો હૃદ્‌ગત અભિપ્રાય છે અને આપણા માટે એમનો આદેશ છે, એક સર્વોત્તમ સાધના છે.

તો આપણે પરમ કૃપાળુ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ શ્રીજીમહારાજનાં ચરણોમાં તેમ જ ગુરુહરિ શ્રી મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં ગદ્‌ગદભાવે પ્રાર્થના કરીએ કે આપના અંતરનો આ અતિ પ્રિય સિદ્ધાંત ભલે અમારા માટે અતિ દુષ્કર જણાય છે, પણ આપ અમારા ઉપર એવી કૃપા કરશો કે અમે આ 'દાસભાવ'ના સિદ્ધાંતને સુપેરે સમજીએ અને જીવનમાં પ્રામાણિકપણે એનું આચરણ કરી શકીએ એ જ અભ્યર્થના...

દાસ તમારા દાસનો મને રાખો નાથ હજૂર...

ધર્મકુંવર હરિકૃષ્ણજી, તમે ભક્તપતિ ભગવાન, એ વર માગું છું;
દયાનિધિ તમે દાસને, નિત આપો છો એ દાન... એ○ ૧

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, એવો નિશ્ચે થાય તમારો;
અલબેલા તમ આગળે, હું અરજ કરું એ સારુ... એ○ ૨


માહાત્મ્ય જ્ઞાન સહિત હરિ, એવી એકાંતિકી ભક્તિ;
પ્રીત રહે તવ ચરણમાં, બીજે રહે સદા વિરક્તિ... એ○ ૩

હુંમાં તમારું ભક્તપણું હરિ, એમાં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાતનો, એ આપો ધર્મકુમાર... એ○ ૪

તમારા કોઈ ભક્તનો મારે, દ્રોહ ક્યારે નવ થાય;
સંગ એકાંતિક ભક્તનો, મને નિત આપો મુનિરાય... એ○ ૫

દાસ તમારા દાસનો, મને રાખો નાથ હજૂર;
પ્રેમાનંદની વિનંતી, સાંભળજો શ્યામ જરૂર... એ○ ૬

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું ાન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. રધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન ાને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક રતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, તરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. ુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. ંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી ારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. ામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ ાપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા ૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો કોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો ને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની ાજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે સ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

200 વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

स्वामिनारायण BAPS

Vachanamrutma Dasbhav USD 0.50
1 5 8 5 6
B G 3 5 7
ISBN 978-81-7526-927-9